પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૧૬, કુલ પાના:૪, તારીખ: ૦૭-૦૫-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 216 PRICE :-RS. 1.50 DATE : 07-05-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### નીતિ પંચના સભ્ય ડોકટર પોલનો સંકેત, સંક્રમણ અટકાવવું જરૂરી

# સંપૂર્ણ લોકડાઉન લગાવશે મોદી સરકાર?

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોના વાયરસની બીજી લહેર તબાહી મચાવી રહી છે. આવામાં શું ભારત સરકાર સંપૂર્ણ લોકડાઉન લગાવવાને લઈને વિચાર કરી રહી છે? કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા એવી સંભાવનાઓથી ઈકાર નથી કરવામાં આવ્યો. નીતિ આયોગના સભ્ય વીકે પોલે બુધવારના પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યું કે, નેશનલ લોકડાઉનના ઑપ્શન પર ચર્ચા ચાલી રહી છે. વીકે પૉલનું નિવેદન આ કારણે પણ મહત્વનું છે, કેમકે તેઓ નેશનલ કોવિડ-૧૯ ટાસ્ક




ફોર્સના હેડ છે.

પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે કોરોનાવાયરસ ને અટકાવવા માટેના અલગ અલગ વિકલ્પ પર ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે અને જે રીતે નિષ્ણાંતોએ તેમ જ જવાબદાર લોકોએ દેશ વ્યાપી લોક ડાઉન ની ભલામણ કરી છે તેના પર પણ સરકારનું લય છે અને આ વિકલ્પ પર પણ ચર્ચા ચાલી રહી છે.

કોરોનાવાયરસ ની બીજી લહેર ઘાતક બની ગઈ છે ત્યારે અનેક નિષ્ણાંતો દ્વારા તેમજ રાજકીય નેતાઓ દ્વારા વડાપ્રધાનને દેશ વ્યાપી લોક ડાઉન લગાવવાની ભલામણો કરવામાં આવી રહી છે. જો કે કેન્દ્ર સરકારે તમામ રાય સરકારો ને છૂટ દીધી છે કે નાઈટ કર્યુ સહિતના પ્રતિબંધાત્મક પગલા તે લોકો જરત પ્રમાણે લઈ શકે છે.

તેમણે કહ્યું કે જો સ્થિતિ કાબૂમાં નહીં આવે તો વધુ કેટલાક સખત નિયંત્રણો અને તમામ વિકલ્પો પર ચર્ચા વિચારણા ચાલી રહી છે. જે જરી લાગશે એવા પગલાં જાહેર કરવામાં આવશે અને દેશ વ્યાપી લોક ડાઉન અંગેની જે ભલામણ કરવામાં આવી છે હવે તેના પર પણ ગંભીરતાથી ચર્ચા થઈ રહી છે.

કેન્દ્ર સરકારના ટાસ્કફોર્સ દ્વારા જેટલી જરી સૂચનાઓ છે તે તમામ રાય સરકારોને આપી દેવામાં આવી છે અને વાઈરસને અટકાવવા માટેના તમામ અસરકારક પગલા લેવાની તેમને સૂચના આપી દીધી છે. હજુ પણ અનેક રાયોમાં હાલત ગંભીર બનેલી છે.

અત્યારે દેશમાં ઓકિસજન અને અન્ય મેડિકલ સામગ્રી નો અભાવ છે અને આવી સ્થિતિમાં આરોગ્ય નિષ્ણાંતો તેમજ રાજકીય નેતાઓએ વાઈરસને વધુ આગળ વધતો અટકાવવા માટે અને તેની ચેઈન તોડવા માટે દેશ વ્યાપી લોક ડાઉન ની ભલામણ કરી છે પરંતુ તેને અંતિમ વિકલ્પ તરીકે જોવામાં આવે છે અને હવે આ વિકલ્પ પર પણ ચર્ચા ચાલી રહી છે.


દેશ અત્યારે કોરોનાની બીજી લહેરનો સામનો કરી રહ્યો છે, પરંતુ એકસપર્ટ ત્રીજી લહેરની પણ ચેતવણી આપી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે પણ ત્રીજી લહેરને લઈને ચિંતા વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે પણ કહ્યું છે કે સરકારે અત્યારથી તૈયારી કરવી પડશે, કેમકે જો ત્રીજી લહેર બાળકો પર અસર પાડે છે તો બાળકોની સારવાર, તેમના મા-બાપનું શું થશે, આ બધું વિચારવું પડશે.

## હવે મ્યુકોરમાઈકોસિસ જીવલેણ બન્યો, અમદાવાદમાં ૩૦ અને સુરતમાં ૧૦૦ દર્દીઓ નોંધાતા ફફડાટ

અમદાવાદ,

કોરોના વાઈરસની મહામારી સાથે સુરતમાં વધુ એક રોગ વકર્યો હોવાની માહીતી સામે આવતા તંત્ર દોડતું થઈ ગયું છે. મ્યુકરમાઈકોસીસના સુરતના કતારગામ વિસ્તારમાં આવેલી કિરણ હોસ્પિટલમાં ૪૦ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. દર્દીએ કોરોનાની સારવાર લીધાના દસ દિવસ બાદ એક પ્રકારનું ફંગસ જોવા મળે છે, જેને મ્યુકરમાઈકોસીસ કહે છે. વિદેશમાં મ્યુકરમાઈકોસીસની બિમારીને લીધે ૫૦ ટકા મૃત્યુદર હતો.

કિરણ હોસ્પિટલમાં ૬૦ જેટલા દર્દીઓનું વેઈટિંગ છે. સારવાર લઈ રહેલા ચાલીસ જેટલા દર્દીઓ રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ અને અન્ય રાજ્યોના છે. આ બીમારીમાં દોઢ



મહિનાની સારવાર લેવી પડે છે. પ્રતિદિવસ દર્દીને ૬ જેટલા ઈન્જેક્શન આપવામાં આવે છે. પ્રત્યેક ઈન્જેક્શનની કિંમત પાંચથી સાત હજાર રૂપિયા જેટલી થાય છે. જેથી સારવાર માટે લાખો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે.

આ બીમારીનું સૌથી વધુ જોખમ ડાયાબીટીસના દર્દીઓમાં રહેલું છે. આ બિમારીથી બચવા સૌથી વધુ સ્વચ્છતા રાખવી અને પૌષ્ટિક આહાર લેવો તે એકમાત્ર રામબાણ ઈલાજ છે. તેવું તબીબોનું કહેવું છે. અત્યાર સુધી મ્યુકરમાઈકોસીસના ૨૦૦ જેટલા કેસ સામે આવી ચુક્યા છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ ખાતે હાલમાં ૩૦થી વધુ દર્દીઓ મ્યુકોરમાઈકોસિસની સારવાર હેઠળ છે. હાલમાં અમદાવાદ સિવિલ ખાતે દરરોજના સરેરાશ ૩થી વધુ દર્દીઓ મ્યુકોરમાઈકોસિસની સારવાર માટે આવી રહ્યા છે. દિવાળી બાદ કોરોનાના કેસમાં વધારો થયો ત્યારથી ડિસેમ્બર સુધી મ્યુકોરમાઈકોસિસના ૧૨૫ દર્દીઓને અમદાવાદ સિવિલ ખાતે સારવાર આપવામાં આવી હતી. આ પછી ફેબ્રુઆરી સુધી તેના માંડ ૧-૨ દર્દી આવ્યા હતા. પરંતુ છેલ્લા ૧૦ દિવસથી ફરી એકવાર મ્યુકોરમાઈકોસિસના દર્દીઓના પ્રમાણમાં વધારો થયો છે.

મ્યુકોરમાઈકોસિસના લક્ષણો જણાતા દર્દીનો સી.ટી-સ્કેન અને એમ.આઈ.આર. કરાવી ઈન્ફેક્શનનું પ્રમાણ ચકાસવામાં આવે છે. આ ઉપરાંત ફંગસનું સેમ્પલ લઈ તેની બાયોપ્સી કરવામાં આવે છે. આ તમામ પ્રક્રિયાના રિપોર્ટના આધારે ફંગસ આંખ, નાક અને મગજ સહિતના શરીરના કયા-કયા ભાગમાં ફેલાઈ ચૂકી છે તેનું નિદાન કરવામાં આવે છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના ડો. દેવાંગ ગુપ્તાએ જણાવ્યું કે, 'કોરોના થાય તો વિશેષ કરીને ડાયાબિટિસના દર્દીઓએ ડાયાબિટિસમાં વધારો ન થાય તેની વિશેષ તકેદારી રાખવી જોઈએ. કોરોનાની સારવાર બાદ ખાસ કરીને અનકન્ટ્રોલ્ડ ડાયાબિટિસના દર્દીઓમાં તેનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. તેમણે ખાસ કરીને નેઝલ હાઈજીન એટલે કે શરદી ન થાય તેનું તેમણે ધ્યાન રાખવું જોઈએ. આ પ્રકારના દર્દીઓમાં પ્રાથમિક લક્ષણ સાયનસનું ઈન્ફેકશન હોય છે. સાયનસનું ઈન્ફેકશન થાય તો તેમાં ફંગલ ઈન્ફેક્શન થાય અને ત્યારબાદ તે ગતિ પકડે છે.

કોરોનાનો દર્દી જ્યારે પણ સારવાર હેઠળ હોય કે સારવારમાંથી બહાર આવ્યો હોય તો શરદી કે સાયનસનું ઈન્ફેક્શન થાય તો તેને હળવાશથી લેવું જોઈએ નહીં. બલ્કે તેણે તુરંત જ એક્સપર્ટની સલાહ લેવી જોઈએ. આ ઉપરાંત દર્દીને ઉપલા જડબામાં દુખવું, ઉપલા જડબાના દાંત એકદમ ઢીલા પડી જવા, આંખ-ગાલની આજુબાજુના ભાગમાં દર્દ થવું, સાયનસના ઈન્ફેક્શન સાથે માથામાં અસહ્ય દુઃખાવો થવો, મોઢાના ભાગમાં સોજો આવવો જેવા કોઈ પણ પ્રકારના લક્ષણ જણાય તો તુરંત ઈએનટી સર્જનનો સંપર્ક કરવો જોઈએ. સામાન્ય રીતે કોરોનાથી સાજા થયાના બેથી ત્રણ સપ્તાહમાં મ્યુકોરમાઈકોસિસ થઈ શકે છે.

## દેશમાં કોરોનાનાં કેસમાં વિક્રમી ઉછાળો, ૪.૧૨ લાખ નવા દર્દી, ૩૯૭૯ના મોત

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી તરંગ બેકાબૂ બની રહી છે. બુધવારે અહીં રેકોર્ડ ૪ લાખ ૧૨ હજાર ૩૭૩ કેસ નોંધાયા હતા. આ એક જ દિવસમાં નોંધાયેલ કેસનો સૌથી મોટો આંક છે. નવા કેસો સાથે મૃત્યુની સંખ્યામાં વધારો થતાં લોકોની ચિંતા પણ વધી રહી છે. ગઈકાલે વિશ્વમાં કોરોનાને કારણે ૧૪,૨૭૮ લોકોનાં મોત થયાં. આમાંથી ફક્ત ૩,૯૭૯ મોત ભારતમાં થયાં છે. એટલે કે, વિશ્વમાં મહામારીને કારણે થયેલ દરેક ચોથુ મૃત્યુ ભારતમાં જ નોંધાયું છે. જો કે, રાહતની વાત છે કે છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩ લાખ ૩૦ હજાર ૫૨૫ લોકો સાજા થયા છે.

આ બીજી વખત છે જ્યારે ૨૪ કલાકમાં ૪ લાખથી વધુ નવા દર્દીઓ મળી આવ્યા છે. અગાઉ ૩૦ એપ્રિલના રોજ ૪ લાખ ૨ હજાર ૧૪ કેસ નોંધાયા હતા. ત્યારે ૩૫૨૫ દર્દીઓના મોત થયા હતા. આજના સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ગઈકાલ કરતા ઓછી છે. મંગળવારે



૩.૩૭ લાખ દર્દીઓ સાજા થયા હતા, જ્યારે આજે માત્ર ૩.૨૪ લાખ દર્દીઓ સાજા થયા છે.

દરરોજ મળી આવતાં દર્દીઓની સંખ્યા મુદ્દે મહારાષ્ટ્ર પછી બે રાજ્યો કર્ણાટક અને કેરળ ભયભીત કરી રહ્યા છે. બુધવારે કર્ણાટકમાં રેકોર્ડ ૫૦ હજાર દર્દીઓ મળી આવ્યા છે, જ્યારે કેરળમાં પણ૪૧,૯૫૩ લોકો પોઝિટિવ સામે આવ્યા છે.

કોરોનાના કેસમાં સતત ઘટાડા છતાં મહારાષ્ટ્રમાં મોતની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે. બુધવારે અહીં ૯૨૦ લોકોનાં મોત નીપજ્યાં હતાં. સમગ્ર કોરોના સમયગાળા દરમિયાન રાજ્યમાં થયેલા આ બીજા નંબરે સૌથી વધુ મૃત્યુની સંખ્યા છે. આ પહેલા ૨૮ એપ્રિલે ૧૦૩૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો. આરોગ્ય વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે કોરોનાને કારણે અત્યાર સુધીમાં ૭૨,૬૬૨ લોકોનાં મોત નીપજ્યાં છે. સંક્રમિતોની કુલ સંખ્યા ૪૮.૮૦ લાખ પર પહોંચી ગઈ છે.

ઉત્તરપ્રદેશમાં પણ બુધવારે મોતનો નવો રેકોર્ડ બન્યો. અહીં કોરોનાને કારણે ૩૫૭ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રાજ્યમાં ૩૧ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. લખનઉમાં સૌથી વધુ ૩ હજાર લોકો પોઝિટિવ મળી આવ્યા. આ ઉપરાંત મેરઠ, ગૌતમબુધ્ધ નગર, ગાઝિયાબાદ, કાનપુર, સહારનપુર અને ગોરખપુરમાં એક હજારથી વધુ નવા કેસ મળી આવ્યા છે.

સતત વધી રહેલા કેસ વચ્ચે સવાલ ઉઠે છે કે આખરે કોવિડ-૧૯ની બીજી લહેરનો પીક ક્યારે આવશે અને ક્યારે કેસમાં ઘટાડો થવા લાગશે. સરકારના મેથમેટિકલ મોડલિંગ એક્સપર્ટ પ્રોફેસર એમ.વિદ્યાસાગરનું કહેવું છે કે કોરોના વાયરસનો પીક આ અઠવાડિયે પોતાના પીક પર રહી શકે છે અને બીજી લહેરનો પીક ૭મી મેના રોજ થઈ શકે છે. ત્યારબાદ કોવિડ-૧૯ના કેસમાં ઘટાડો જોવા મળશે.

અહેવાલ મુજબ પ્રો.વિદ્યાસાગરે પોતાના એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું છે કે કોરોના વાયરસને લઈને દરેક રાજ્યમાં સ્થિતિ અલગ અલગ રહેશે અને કોવિડ-૧૯ના પીક પર પહોંચવાનો સમય પણ થોડો અલગ અલગ રહી શકે છે. જો કે તેમણે કહ્યું કે જે પ્રકારે કોરોના વાયરસના કેસ સમગ્ર દેશમાં વધી રહ્યા છે તે જોઈએ તો તે તેના પીક પર છે કે અથવા તો તેનાથી ખુબ નજીક છે.

તેમણે કહ્યું કે કોરોનાની બીજી લહેરની શરૂઆત મહારાષ્ટ્રથી થઈ હતી અને સૌથી પહેલા કોરોનાનો પીક પણ અહીં જ આવશે અને સૌથી પહેલા દર્દીઓની સંખ્યા ઘટવાની શરૂઆત પણ અહીંથી થશે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રની સરહદ સાથે જોડાયેલા રાજ્યોમાં પણ કોરોનાના આંકડા વધુ રહેશે. જ્યારે જે રાજ્ય મહારાષ્ટ્રથી દૂર હશે ત્યાં પીક ધીરે ધીરે આવશે અને કેસ પણ મોડેથી ઓછા થશે.

## હવામાન ખાતાની આગાહી, દેશના અનેક રાજ્યોમાં ભારે વરસાદની આશંકા

ન્યુ દિલ્હી,

આખા દેશમાં હવામાનમાં ઉતાર-ચઢાવ ચાલુ છે, ભારતી હવામાન વિભાગે પોતાના તાજા અપડેટમાં કહ્યું કે દેશમાં ફરી એકવાર પશ્ચિમી વિક્ષોભ સક્રિય થઈ ગયું છે, જેના કારણે દેશના કેટલાય રાજ્યોમાં આંધી-તોફાનની આશંકા બની છે, તેમણે કહ્યું કે આગલા ૨૪ કલાક દરમ્યાન ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ અને ઉત્તરાખંડ સહિત કેટલાક રાજ્યોમાં વરસાદની આશંકા છે માટે હવામાન ખાતાએ અહીં અલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે કહ્યું કે દિલ્હી-એનસીઆરનું વાતાવરણ બદલાશે, આગલા બે દિવસો સુધી દિલ્હીમાં પણ વાદળછાયું વાતાવરણ રહેશે. પાકિસ્તાન ઉપર એક ચક્વાતી સંચલન સક્રિય છે જેની અસર કાશ્મીર અને તેની નજીકના રાજ્યો પર થઈ રહી છે અને આ કારણે



ભારતના કેટલાક રાજ્યોમાં વરસાદ થવાના અણસાર છે. હિમાચલ પ્રદેશ, કાશ્મીર, ઉત્તરાખંડ, એમપી, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેંડ, કેરળ, કર્ણાટક, તમિલનાડુમાં પણ જોરદાર વરસાદના અણસાર છે.

પશ્ચિમી વિક્ષોભના કારણે દેશના કેટલાય વિસ્તારોમાં હવામાનમાં પરિવર્તન સંભવ છે. આજથી લઈ આગલા ત્રણ દિવસ માટે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, યુપી, પશ્ચિમ બંગાળમાં પણ જોરદાર રીતે વાદળો વરસી શકે છે માટે અહીં પણ અલર્ટ જાહેર કરાયું છે. જ્યારે કર્ણાટક, તમિલનાડુમાં પણ જોરદાર વરસાદના અણસાર છે. હવામાન વિભાગનું માનવું છે કે ગુરુવારે ઝરમર વરસાદ પડવાની સંભાવના છે. જ્યારે સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, કેરળ, કર્ણાટક, તમિલનાડુમાં પણ જોરદાર વરસાદના અણસાર છે.

## ૩ લોકસભા અને ૮ વિધાનસભાની બેઠકો પરની પેટાચૂંટણી મોકૂફ

ન્યુ દિલ્હી,

દેશમાં કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે ૩ લોકસભા બેઠકો અને ૮ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણી મુલતવી રાખી છે.

આ પેટા ચૂંટણીઓ દાદર અને નગર હવેલી, મધ્યપ્રદેશના ખંડવા અને હિમાચલ પ્રદેશની માંડી લોકસભા બેઠકો પર યોજાવાની હતી. આ સાથે ચૂંટણી પંચે વિવિધ રાજયોની ૮ વિધાનસભા બેઠકો પર યોજાનારી પેટા-ચૂંટણીઓ પણ મુલતવી રાખી છે. ભાજપના સાંસદ નંદકુમારસિંહ ચૌહાણના અવસાન પછી, ખંડવા લોકસભા બેઠક ખાલી પડી છે, જયારે હિમાચલ પ્રદેશની માંડવી બેઠક ગત મહિને સાંસદ રામસ્વરૂપ શર્માના નિધન બાદ ખાલી હતી. તે જ સમયે, દાદર અને નગર હવેલીના સાંસદ, મોહન ડેલકરનું ફેબ્રુઆરીમાં અવસાન થયું. જે બાદ આ બેઠક ખાલી પડી હતી. ખંડવા બેઠક પર ૧૯૮૦ એટલે કે ૪૧ વર્ષ બાદ આ બેઠક ઉપર પેટા-ચુંટણીની સ્થિતિનું નિર્માણ થયું છે.

આ પહેલા ૩ મેના રોજ ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં ૧૬ મેના રોજ યોજાનારી ચૂંટણીને રાજયના કોવિડ -૧૯ ના વધતા જતા કેસોને જોતા સોમસરગંજ અને જાંગીપુર વિધાનસભા બેઠકો પર મુલતવી રાખી હતી. આ બેઠકો પર બે ઉમેદવારોના નિધનને કારણે મતદાન થઈ શકયું નથી. અગાઉ, દેશભરમાં કોવિડ -૧૯ મહામારીના કહેર વચ્ચે, ૧૭ એપ્રિલના રોજ, આંધ્રપ્રદેશ અને કર્ણાટકની બે લોકસભા બેઠકો અને ૧૦ રાજયોની ૧૨ વિધાનસભા બેઠકો પર શનિવારની પેટાચૂંટણીને મતદાન થયું હતું. તેના પરિણામો ૨ મેના રોજ બહાર પાડવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે મદ્રાસ હાઈકોર્ટે કોરોના મહામારી વચ્ચે ૫ રાજયોની પેટાચૂંટણી માટે ચૂંટણી પંચને ઠપકો આપ્યો હતો અને કોરોનાની બીજી લહેર માટે તેને જવાબદાર ઠેરવ્યા હતા. મદ્રાસ હાઈકોર્ટે ચૂંટણીપંચની આકરી ટીકા કરી હતી અને દેશમાં કોવિડ -૧૯ ના બીજા મોજા માટે 'એકલા' જવાબદાર ગણાવતાં કહ્યું હતું કે તે 'સૌથી વધુ બેજવાબદાર સંસ્થા' છે.

## રાજસ્થાન જેલમાં બંધ આસારામને થયો કોરોના, હોસ્પિટલમાં દાખલ

જોધપુર,

રાજસ્થાનની જોધપુર સેન્ટ્રલ જેલમાં બંધ આસારામની તબિયત લથડી છે. સ્વાસ્થ્ય લથડ્યા બાદ તેમને એમજીએચ કોવિડ સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે. આસારામનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આશરે ૩ દિવસ પહેલા તેમને કોરોનાના લક્ષણો અનુભવાયા હતા અને ત્યાર બાદ તપાસ કરવામાં આવી હતી. બુધવારે સાંજે આસારામનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આશરે ૮૦ વર્ષ કરતા વધારે ઉંમર ધરાવતા આસારામે બેચેની અનુભવાતી હોવાની ફરિયાદ કરી હતી. આસારામના કોરોનાના લક્ષણો વધે અને તે શ્વાસસંબંધી તકલીફ અનુભવે તે પહેલા જ જેલ પ્રશાસને તેમને હોસ્પિટલ મોકલી દીધા હતા. આસારામની તબિયત લથડ્યાના સમાચાર જાણીને તેમના અનેક સમર્થકો હોસ્પિટલ પહોંચી રહ્યા છે. અગાઉ પણ અનેક વખત આસારામને ખરાબ સ્વાસ્થ્યના કારણે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગત ફેબ્રુઆરી



મહિનામાં ખરાબ તબિયતની ફરિયાદ બાદ તેમને મહાત્મા ગાંધી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. આસુમલ થાઉમલ હરપલાની ઉર્ફે આસારામ સગીરા સાથેના દુષ્કર્મ કેસમાં આજીવન કારાવાસની સજા કાપી રહ્યા છે. દુષ્કર્મ કેસમાં દોષી ઠેરવાયેલા આસારામ નરબલિ, હત્યા જેવા અનેક ગંભીર કેસના આરોપી છે. એક સમયે તેમના દરબારમાં અનેક મોટી હસ્તિઓ હાજર રહેતી હતી અને તેમના લાખો અનુયાયી છે. પરંતુ ૨૦૧૩માં દુષ્કર્મ કેસમાં ફસાયા બાદ આસારામના ખરાબ દિવસો ચાલુ થયા છે.

## ૧૫ માંગણીઓ મુદ્દે ૧૭૦૦ સિનિયર તબીબોના ધરણા, જુનિયર ડોક્ટરોનો ટેકો

અમદાવાદ,

કોરોનાકાળમાં સરકારની મુશ્કેલીઓ વધી શકે છે. સરકારી હોસ્પિટલમાં ફરજ બજાવતા સિનિયર તબીબોએ સરકાર સામે બાયો ચડાવી વર્ષ ૨૦૦૮થી બાકી રહેલી બઢતી અંગે સરકાર ત્વરિત નિર્ણય લે તેવી માંગ કરી છે. સાથે જ સાતમા પગાર પંચના લાભથી પણ સરકારી તબીબો વંચિત છે. એવામાં તેમણે અલગ અલગ ૧૫ માંગણીઓ મામલે સરકારને આવેદનપત્ર આપ્યા છતાં અસરકારક પગલાં નથી લેવાયા. ત્યારે હવે આ તબીબોએ હડતાલ પર જશે તેવા સંકેતો આપ્યાં છે ત્યારે હવે તેમની સાથે જુનિયર ડોક્ટરો પણ જોડાશે. ગુજરાત મેડિકલ ટીચર્સ એસોસિએશન સાથે જોડાયેલા ૧૭૦૦ સિનિયર તબીબો ધરણા પર ઉતાર્યા છે.૧૫ માંગણીઓ સાથે તબીબોની મહામારી વચ્ચે પ્રોફેસર તબીબોની હડતાળ શરુ થઈ છે.૨૦૦૮ થી પેન્ડિંગ રહેલી ૧૫ માંગણીઓ અનેક રજુઆત બાદ પણ સરકાર વિચારણા નહીં કરતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે. સાતમા પગાર પંચના લાભથી પણ ૧૭૦૦ જેટલા ડોક્ટરો વંચિત રહ્યાં હોવાનું સિનિયર ડોક્ટરોએ જણાવ્યું હતું. કોરોના કાળમાં તમામ ડોક્ટરો કામથી અળગા રહેતો કફોડી હાલ સર્જાવાના એંધાણ છે. ૧૦ વર્ષની સેવા બાદ વિકલ્પ આપી પ્રાઈવેટ પ્રેક્ટિસની છૂટ આપવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. ૨ૈજીઝ પરીક્ષાઓમાં સરકારી મેડિકલ અને સંલગ્ન કોલેજોમાં ફરજ બજાવતાં પૂર્ણકાલીન શિક્ષકોને પ્રાથમિકતા આપવાની માંગ પણ કરાઈ છે.

જુનિયર ડોકટર એસોસિએશને જણાવ્યું હતું કે રાજયના સરકારી તબીબો, શિક્ષકો છેલ્લા એક વર્ષથી સરકારની સાથે કોરોનાને મ્હાત આપવા તનતોડ મહેનત કરી રહ્યાં છે. રાત કે કોઈ પણ પ્રકારની પરિસ્થિતિને જોયા વિના અવિરત ફરજ બજાવી છે. પરંતુ આ કોરોના વોરિયર્સ પોતાની માંગણીઓ નહીં સંતોષાતા વ્યથિત છે. તેમણે હડતાળ કરવા અંગેનું આવેદન પત્ર પણ પાઠવ્યું છે. જ્યારે કોરોનાના દર્દીઓમાં ધરખમ વધારો થયો ત્યારે આ ડોક્ટરોએ પોતાની હડતાળ પાછી ખેંચી લીધેલ છે. પરંતુ તેમ છતાં તેમના પ્રશ્નો અંગે કોઈ સંવેદનશિલતા દાખવી નહીં અને તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે. ત્યારે અમે તેમની હડતાળને સંપૂર્ણ ટેકો જાહેર કરીએ છીએ.

**ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ**
**પાનમ સિંચિત વાવેતર વિભાગ પંચમહાલ ડેરી સામે,**
**લુણાવાડા રોડ ગોધરા જી. પંચમહાલ, ફોન નંબર : ૦૨૬૭૨-૨૬૧૪૪૯**

પાનમ સિંચિત વાવેતર વિભાગ, ગોધરા ધ્વારા નીચેના કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી ધરાવનાર અનુભવી ઈજારદારો પાસેથી ટેન્ડરથી ઓફર મંગાવવામાં આવે છે.

| અ નં. | કામની વિગત/સ્થળ | અંદાજીત રકમ રૂ.(લાખમાં) | ટેન્ડર ફી | ખરાપણાની રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ફોરેસ્ટ પ્રોટેકશન ચોકી (ઈન્સ્પેકશન હટ) | ૮.૫૦ | ૯૦૦/- | ૮,૫૦૦/- |

અત્રેની કચેરીએથી ટેન્ડર ફી રૂ.૯૦૦/- રોકડા અથવા ડી.ડી. (નોન રીફંડેબલ) જમા કરાવી ટેન્ડર ફોર્મ મેળવી ભરેલા ટેન્ડર ફોર્મ તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ બપોરના ૧૨.૩૦ કલાક સુધીમાં ખરાપણાની રકમ સાથે નિગમની કચેરીએ સ્વીકારવામાં આવશે. મળેલા ટેન્ડરો તા.૧૮/૦૫/૨૦૨૧ ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે ઉપસ્થિત ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. ઉપરોકત કામના ટેન્ડર ફોર્મ ઈએમડી અને અન્ય શરતો www.gsfdcltd.co.in વેબ સાઈટ પરથી પણ મેળવી શકાશે.


**નાયબ વન સંરક્ષક**
**પાનમ સિંચિત વાવેતર વિભાગ**
**ગુ.રા.વ.વિ.નિ.લિ.ગોધરા**

માહિતી/ગોધરા/૬૬/૨૦૨૧

# મહીસાગરમાં ગુરૂવારે ૨૧૦ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૫૩૮૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજ્ય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાના-૧૮ સ્ત્રી અને ૧૯ પુરૂષના, કડાણા તાલુકાના ૧૧ સ્ત્રી, ૨૧ પુરૂષના, ખાનપુર તાલુકાના-૧૪ સ્ત્રીના, ૧૫ પુરૂષના, લુણાવાડા તાલુકાના-૧૭ સ્ત્રીના અને ૨૯ પુરૂષના, સંતરામપુર તાલુકાના-૨૪ સ્ત્રીના, ૨૨ પુરૂષના અને વિરપુર તાલુકાના-૦૭ સ્ત્રીના, ૧૩ પુરૂષના કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.



આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૬-૦૫-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૫૩૮૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની-૦૮ સ્ત્રી, ૧૩ પુરૂષ, કડાણા તાલુકાની-૦૯ સ્ત્રી, ૧૭ પુરૂષ, ખાનપુર તાલુકાની-૦૬ સ્ત્રી, ૧૦ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૧૮ સ્ત્રી, ૧૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની-૧૨ સ્ત્રી, ૨૦ પુરૂષ અને વિરપુર તાલુકાની ૦૬ સ્ત્રી, ૧૮ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩૭૮૩ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૧ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૮ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૬૯ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૧૧૧૩૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૪ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૧૦૭૨ દર્દી હોમઆઇસોલેશનમાં, ૭૦ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૮૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૨૭૦ દર્દી પ્રાઇવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૩૨૩ દર્દીઓ સ્ટેબલ, ૧૯૧ દર્દીઓ ઓક્સિજન પર અને ૧૪ દર્દીઓ વેન્ટીલેટર પર છે.

| મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| બાલાસીનોર-૩૭ |
| કડાણા-૩૨ |
| ખાનપુર-૨૯ |
| લુણાવાડા-૪૬ |
| સંતરામપુર-૪૬ |
| વિરપુર-૨૦ |

# મારૂં ગામ, કોરોના મૂકત ગામ ના વિચાર મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરતું મહીસાગર જિલ્લાનું ઝાલાસાગ ગામ

લુણાવાડા,
કુદરતી વાતાવરણ અને છુટા છવાયા ઘર થકી નિમાર્ણ પામેલ ગામો કોરોના સંકટ સામે કોરોના મુકત બની અડીખમ પડકાર આપી રહયા છે. તેવા મહીસાગર જિલ્લાના ઉંડાણ અને અંતરિયાળ વિસ્તારના કડાણા તાલુકાના ઝાલાસાગ ગામના જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર સગૌરવ જણાવે છે કે અમારા ગામમાં સરપંચ, વડીલો અને આગેવાનોના સહકારથી જિલ્લા આરોગ્ય વિભાગના સઘન પ્રયાસોથી તેમજ કોરોના અંગે જનજાગૃતિના પગલે અત્યાર સુધીમાં કોરોનાનો એકપણ કેસ આવ્યો નથી અંદાજે ૨૭૦૦ લોકોની વસ્તી ધરાવતા અમારા ગામના અગ્રણીઓએ કોરોના ગાઇડલાઇનના ચુસ્ત પાલન અંગે અવાર નવાર આરોગ્ય વિભાગની સુચનાઓનું પાલન કર્યું છે તેમજ



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

માસ્ક વિતરણ અને ઉકાળા વિતરણની સાથો સાથ દુધ મંડળી પર દુધ ભરવા જતા સમયે અને દુકાનોમાં ખરીદી કરતી વખતે સોશીયલ ડીસ્ટન્સનું પાલન કરવામાં આવે છે. આ ઉપરાંત ૪૫ વર્ષથી ઉપરની વયજુથમાં ગામ સમસ્તે ૯૦ ટકા વેકસીનેશન કરાવ્યું છે, આવી સઘન જનજાગૃતિને કારણે અમારા ગામમાં અત્યાર સુધી કોરોના પ્રવેશી શક્યો નથી. રમીલાબેન વધુમાં જણાવે છે કે મુખ્યમંત્રીના મારૂં ગામ, કોરોના મૂક્ત ગામ ના વિચાર મંત્રને સાચા અર્થમાં અમારૂં ઝાલાસાગ ગામ ચરિતાર્થ કરે છે.

તાલુકા આરોગ્ય અધિકારી ડો.ઢાકા જણાવે છે કે, અમારા ઝાલાસાગ સબ સેન્ટરમાં સ્ટાફ દ્વારા ટેસ્ટિંગ, માર્ગદર્શન અને દવા સબંધી સઘન કામગીરી કરવામાં આવી રહી છે. હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હેઠળના ગામોમાં મોડી રાત્રે પણ કોઈ દર્દીને તકલીફ પડે તો સેન્ટર પર બોલાવી જરૂરી દવા પુરી પાડવામાં આવે છે. આશા વર્કરો દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓને દવાઓ ઘરે ઘરે વહેંચે છે. માઈક, બેનર્સ, મિટિંગો દ્વારા ઈન્ફોર્મેશન, એજ્યુકેશન અને કમ્યુનિકેશનથી સઘન જનજાગૃતિ કરવામાં આવે છે. ઝાલાસાગને કોરોના મૂક્ત રાખવામાં ગામમાં આવતી આરોગ્ય ટીમનું યોગદાન પણ બહુમૂલ્ય રહ્યું છે. આદિવાસી બહેનોને પણ જાગૃતિ પુરી પાડી હાલના સમયમાં સાવચેતી રાખવા જણાવે છે. ગામમાં સઘન સફાઈ સહિતની જાગૃતિ પુરી પાડે છે. કોરોનાની આ કપરી પરિસ્થિતિમાં ગ્રામજનોની પડખે આરોગ્ય વિભાગ પણ સતત ખડે પગે રહ્યો છે.

સમગ્ર વિશ્વ આજે જ્યારે કોરોનાના આ કપરા કાળમાં સુખની નિંદ્રા પણ માણી નથી શકતું તેવા સમયે મહીસાગર જિલ્લાના ઉંડાણ અને અંતરીયાળ વિસ્તારમાં આવેલ ઝાલાસાગ ગામના લોકો નિશ્ચિંત બની સુખની નિંદ્રા માણી રહયા છે. મુખ્યમંત્રીના મારૂં ગામ, કોરોના મૂકત ગામ ની વિભાવનાને ચરિતાર્થ કરતા આ ગામમાં આરોગ્ય વિભાગની સફળ કામગીરી અને ગ્રામજનોના સમર્પિત ભાવના સહયોગની સાથે અનુશાસન અને જનજાગૃતિના પરિણામે આ અસંભવ ગણાતું કાર્ય આજે સંભવ બની અન્યોને પ્રેરણા આપી રહ્યું છે.

# પાટીદાર સેવા સમાજ મહીસાગર સંચાલીત બાવન પાટીદાર સમાજ ઘર લુણાવાડા ખાતે ૩૦ બેડનું નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટર કાર્યરત

લુણાવાડા,
કોરોના સંક્રમણની બીજી લહેરમાં મહીસાગર જિલ્લામાં સંક્રમણ વધી રહ્યું છે ત્યારે કોરોનાના સામાન્ય લક્ષણો ધરાવતા લોકો હોમ આઈસોલેશનના બદલે કોવિડ કેર સેન્ટરમાં રહી સારવાર મેળવે અને પોતાના પરિવારને આ ચેપથી બચાવે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડે લોકોને કોવિડ કેર સેન્ટરમાં સારવાર લેવા અપીલ કરી હતી. મહીસાગર જિલ્લા વહીવવટી તંત્ર દ્વારા સેવાભાવી સંસ્થાઓના સહયોગ થી જિલ્લામાં જુદી જુદી જગ્યાએ કોવિડ કેર સેન્ટરો શરૂ કરવામાં આવેલા છે તેમજ નવા બીજા કોવિડ કેર સેન્ટરો શરૂ થઇ રહયાં છે. તે સંદર્ભે પાટીદાર સેવા સમાજ મહીસાગર સંચાલીત બાવન પાટીદાર સમાજ ઘર લુણાવાડા ખાતે ૩૦ બેડનું નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટરનું આજ રોજ શુભારંભ કરવામાં આવ્યો હતો.



આ ૩૦ બેડ નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટરમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સવાર-સાંજ ભોજન, ચા-નાસ્તો,ફ્રુટ,જયુસ આપવામાં આવશે,૨૪ કલાક ડૉકટર અને નર્સિંગ સ્ટાફની સેવા ઉપલબ્ધ રહેશે,આયુર્વેદિક ઉકાળો આપવામાં આવશે, ઑકિસજનની જરૂરીયાત પડે તેવા સંજોગોમાં અન્ય હોસ્પિટલમાં લઇ જવા ઓકિસજન ઉપલબ્ધ, જરૂરી દવાઓ તથા માસ્ક,દરેક બેડ ઉપર નાસ લેવાનું મશીન તેમજ પ્રોજેકટર દ્વારા યોગ પ્રાણાયમ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે સાથે સાથે પુસ્તકોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ કોવિડ કેર સેન્ટરમાં કોરોના દર્દીઓએ દાખલ થવા માટે દર્દી અને દર્દીને મુકવા આવનારનું આધાર કાર્ડ, દર્દીનો કોરોના પ્રોઝીટીવ રીપોર્ટ, જો ડૉકટરની દવા ચાલુ હોય તો દવા,ફાઇલ અને કાગળો સાથે જરૂરી કપડા,ટુવાલ,નેપકીન વગેરે સાથે લાવવાનું રહેશે. તેમજ આ કોવિડ કેર સેન્ટરમાં ડાકટરો અને નર્સ સ્ટાફ દ્વારા રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવવામાં આવે છે અને દાખલ દર્દીઓનું સમયાંતરે ચેકીંગ તથા સઘન મોનીટરીંગ પણ કરવામાં આવે છે. કોવિડ કેર સેન્ટરમાં દાખલ દર્દીઓ પર સતત નજર રાખવામાં આવે છે. જેથી કોવિડ કેર સેન્ટરના લીધે ખાસ કરીને ગ્રામ્ય અને નગર વિસ્તારોમાં કોરોના સંક્રમણને ફેલાતું અટકાવી શકવામાં આ કોવિડ કેર સેન્ટર ઘણુંજ મદદરૂપ બનશે.આ નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટરમાં સરકારની કોવિડ ગાઇડ લાઇનનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

આ ૩૦ બેડ નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટરમાં ડાૅ.આર.બી.પટેલ, ડાૅ.કિર્તી આર પટેલ, ડાૅ.નિશાંત એચ. પટેલ, ડાૅ.મલય જે પટેલ, ડાૅ.કૃણાલ પટેલ, ડાૅ.નિખિલ એ પટેલ,ડાૅ. અક્ષય આર પટેલ અને ડાૅ.પીનાકીન એસ. પટેલ પોતાની સેવાઓ આપશે.

# મહિસાગર જીલ્લામાં કોવિડ હોસ્પિટલમાં બેડ ખાલી ન હોવાના બોર્ડ લાગ્યા

લુણાવાડા,
મહિસાગર જીલ્લામાં કોરોના દર્દીઓ માટે બેડ ખૂટી પડ્યા છે. ખાનગી હોસ્પિટલની બહાર બેડ ખાલી ન હોવાના બોર્ડ મારવામાં આવ્યા છે. દર્દીઓને વડોદરા અને અમદાવાદ રીફર કરવામાં આવી રહ્યા છે. લુણાવાડા સરકારી જનરલ હોસ્પિટલમાં માત્ર ૫૦ બેડનું સુવિધા છે. મહિસાગર જીલ્લામાં કોવિડ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં બેડ ખાલી ન હોવાને લઈ ગરીબ દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. ત્યારે જીલ્લામાં આઈસોલેશન બેડ વધારવાની માંગ ઉઠી છે.

લુણાવાડા ખાનગી હોસ્પિટલમાં રેમ ડે સિવર સહિતની દવાઓની અછત વર્તાઈ છે. નેબીફલુ નામની દવાની ભારે અછતને લઈ નેબીફલુ દવા લેવા માટે અમદાવાદ અને વડોદરા સુધી દર્દીઓના સ્વજનોને લાંબા થવું પડી રહ્યું છે. એક તરફ મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે બીજી તરફ બેડ ખાલી ન હોવાને લઈ કોરોના સંક્રમિત દર્દીને ક્યાં દાખલ કરવા તે માટે પરિવારજનો મુંઝવણ અનુભવી રહ્યા છે.

# મીની લોકડાઉનની અમલવારી માટે એક લાખથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત

ગાંધીનગર,
રાજ્ય માં કોરોના કેસ સતત વધતા જોવા મળી રહ્યા છે ત્યારે આ વધતા જતા સંક્રમણને રોકવા સરકાર અથાગ પ્રયત્નો કરતા હોય છે .ત્યારે સરકાર દ્વારા ૬ થી ૧૨ સુધી ૩૬ શહેરોં માં રાત્રી કર્ફ્યુ લગાવી દેવામાં આવ્યું છે .તેમજ આવશ્યક ચીજવસ્તુ સિવાય બજારો બંધ રહેશે . ત્યારે રાજ્ય સરકારના આ નિયમનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી હોવાનું રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાએ જણાવ્યું છે. રાજ્યમા મિની લોકડાઉનનો કડક અમલ કરાવવા માટે થઈને ૫૬૦૦૦ પોલીસ કર્મચારીઓ, ૧૯૦૦૦ હોમગાર્ડ ૨૯૦૦૦ એસઆરડી અને એલ આર ડી જવાનો તેમજ ૯૦ એસઆરપીની કંપ્રીઓ તૈનાત કરવામાં આવી છે. એટલે કે કુલ ૧ લાખ થી વધુ સુરક્ષાકર્મીઓ ખડે પગે ફરજ પર હાજર રહેશે.

ગુજરાત પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે જાહેર સ્થળોએ કે સમારંભમાં ક્યાંય પણ ગાઈડલાઈન નો ભંગ થતો હોય તો ૧૦૦નંબર પોલીસ ને જાણ કરવામાં આવે તે જરુરી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યભરની ૧૨૪૪ લગ્ન સમારોહમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં માસ્ક વગરના ૯૬ લોકો અને અન્ય ૨૩ ગુનામાં ૨૪ લોકોની ધરપકડ કરવામાં આવી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૭-૦૫-૨૦૨૧, શુક્રવાર, ચૈત્ર વદ-૧૧, સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૦૬, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : કુંભ (ગ ,સ,શ), નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | -શુભચોઘડીયા-<br>અભિજીત ૧૩-૩૯થી ૧૩-૨૪, ૮-૪૬ થીશુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થીચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થીલાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થીશુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

# ઘોઘંબા તાલુકાની રેફરલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડો.પારસભાઈ પટેલની આરોગ્ય ક્ષેત્રે અમૂલ્ય કામગીરી

ઘોઘંબા,
પંચમહાલ જિલ્લામાં ઘોઘંબા તાલુકામાં આવેલી રેફરલ હોસ્પિટલ છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત બની છે. જેમાં તમામ પ્રકારની સુવિધાઓ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવેલ છે. સરકારની વિવિધ સેવાઓ અને યોજનાઓનો આરોગ્ય ક્ષેત્રે તાલુકાના લોકો ભરપૂર લાભ લઈ રહ્યા છે.

કહેવાય છે કે 'મંદિર ઘણું સુંદર હોય છે પરંતુ પૂજારી બરાબર ન હોય તો મંદિર મંદિર કહેવાતું નથી.'

પરંતુ એક ઉત્તમ ઉદાહરણ રૂપે હું આજે એક એવા વ્યક્તિત્વની વાત કરવા જઈ રહ્યો છું કે આપ સૌ વાચકોને આશ્ચર્ય થશે.

મિત્રો આજે ઘોઘંબાની હોસ્પિટલમાં ડોક્ટર પારસ પટેલ મુખ્ય તબીબ તરીકે છેલ્લા ૧૬ વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. આમ તો તેઓ રાજસ્થાન રાજ્યના જોધપુર જિલ્લાના વતની છે. સ્વભાવે શાંત અને માયાળુ.માતા-પિતા અને વડીલોના આશીર્વાદના કારણે તથા પોતાની ઉચ્ચ અભ્યાસની ઈચ્છાને લીધે આરોગ્યલક્ષી અભ્યાસ કરી એમ.બી.બી.એસ સુધીની સિદ્ધિ મેળવી છે. ડોક્ટર પારસ પટેલે અભ્યાસ પછીની સૌપ્રથમ નોકરીની શરૂઆત ઘોઘંબાની આ હોસ્પિટલમાં કરેલ છે. મૂળ રહેવાસી રાજસ્થાન રાજ્યના હોઈ આ વિસ્તારની લોક



બોલી અને ભાષાથી જરા પણ પરિચય ન હતો. જેથી કરીને તેઓએ સ્થાનિક કક્ષાના મિત્રોની મદદ લઈને અહીંની ભાષા અને વ્યવહારોને એક વર્ષના સંઘર્ષ સાથે બરાબર સમજીને શીખી લીધો. કહેવાય છે કે "અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી" તેમ ડોકટર સાહેબે પણ ઘોઘંબાને પોતાનું કર્મક્ષેત્ર અને પોતાની પાસે આવેલા દર્દીઓની સેવાને મક્કમ નિર્ધાર બનાવ્યો. ઘોઘંબા ગામના નાના - મોટા સૌ, આસપાસના તમામ ગામડાના લોકો આજે પણ રેફરલ હોસ્પિટલમાં કોઈ પણ જાતની બીમારી ચોક્કસ નિદાન કરાવવા દોડી આવે છે. ડોકટર સાહેબ ની ચોક્કસ નિદાન પદ્ધતિ દ્વારા ગંભીર દર્દીઓ પણ હસતા થઈને પોતાના ઘરે જતા પણ અમે જોયા છે.

આપ સૌ જાણીએ છીએ તેમ ખરેખર ઘોઘંબાને રેફરલ હોસ્પિટલમાં આવા કર્મનિષ્ઠ અને ખંતીલુ વ્યક્તિત્વ ધરાવનાર ડોક્ટર પારસ પટેલના લીધે જ હોસ્પિટલ દિવસ-રાત ધમધમતી હોય છે, અને સાથે સાથે તેઓએ પોતાના સાથી કર્મચારીઓ સાથે પણ મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખી દર્દીઓને ઉત્તમ સારવાર આપી રહ્યા છે.

તેઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ગરીબ, ભોળા અને સુવિધાઓના અભાવ વાળા લોકો માટે સુવાવડ માટેની ઉત્તમ અને ઉત્કૃષ્ટ સેવા આપી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં મૃત્યુ દર ઓછો અને ઉત્તમ પ્રસૂતિ કરાવવા બદલ સરકાર તરફથી તેઓને બે એવોર્ડ એનાયત થયેલ છે. આ સાથે સાથે આરોગ્ય સેવાના ભાગરૂપે કાયાકલ્પ એવોર્ડ, સ્વચ્છતા એવોર્ડ, કોરોના વોરિયર્સ એવોર્ડ અને બીજા અનેક સન્માનો પ્રાપ્ત થયેલા છે.

હોસ્પિટલમાં વિવિધ દાતાઓ નો સંપર્ક કરીને તેઓના દ્વારા ગાદલા, ચાદરો, પડદા, વ્હીલચેર જેવી દર્દીઓને જરૂરિયાત મુજબની વસ્તુઓનું દાન મેળવીને સરકારના મદદરૂપ થવામાં ખાસ સહયોગ પ્રાપ્ત કરેલ છે.

ડોક્ટર પારસભાઈ પટેલે પોતાના મા-બાપના સંસ્કારો અને આપેલા આશીર્વાદથી આ વિસ્તારની જનતાની ઉત્તમ સેવા કરી રહ્યા છે. સાથે સાથે સમગ્ર તાલુકાની જનતાના આશીર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે. હજુ પણ તેઓ કહે છે કે આ હોસ્પિટલમાં આવેલ દરેક દર્દી એ મારા માટે ભગવાન છે અને હું તેને મારાથી બનતી કોશિશ કરીને સાજો કરવાના પ્રયત્ન કરૂ છું. જ્યાં સુધી હું આ હોસ્પિટલમાં હોઈશ ત્યાં સુધી દરેક નાગરિક માટે રાત-દિવસનો જોયા વગર મારી ફરજ બજાવીશ.

ડોકટર રાત-દિવસ હંમેશના માટે જાગતા જ હોય છે કારણ કે જ્યારે પણ એમ્બ્યુલન્સ, ૧૦૮ કે અન્ય માધ્યમોથી અકસ્માતમાં દર્દીઓ, સુવાવડના દર્દીઓ, આકસ્મિક બીમારીના દર્દીઓ અને કોરોના મહામારીના કેસો પણ જ્યારે આવે છે ત્યારે તેઓ હંમેશા માટે દવાખાને હાજર થઈ જતા હોય છે. દરેક દર્દીને ચોક્કસ નિદાન કરી સાચી સલાહ આપી યોગ્ય ઉપચાર સાથે દર્દીની સારવાર કરે છે.

સાચે જ કહેવાય છે કે ડોકટર એ "ભગવાનનું બીજું સ્વરૂપ" છે. જે સત્ય છે.

ખરેખર આવા ઉત્સાહી અને કર્મઠ કર્મચારીઓ આ તાલુકાના લોકોને મળ્યા છે. ત્યારે સૌ નાગરીકો તેઓનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરે છે. તેઓની કામગીરીને બિરદાવે છે અને હંમેશા અખૂટ આશીર્વાદ વરસાવતા રહ્યા છે.

# ૧૦ મેં સુધી ખેડૂતોના ખાતામાં આવશે ૨૦૦૦ રૂપિયા



ન્યુ દિલ્હી,
જો તમે ખેડૂત છો અને તમે પીએમ કિસાન સન્માન નિધિ (પીએમ કિસાન યોજના) માટે નોંધણી કરાવી છે, તો તમારા માટે એક સારા સમાચાર છે. કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં આવા ખેડૂતોના બેંક ખાતાઓમાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા જમા કરવા જઈ રહી છે. હકીકતમાં, 'પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ' અંતર્ગત ૮મો હપ્તા આવતા અઠવાડિયા સુધીમાં ખેડૂતોના ખાતામાં આવવાનું શરૂ થઈ જશે. જોકે, આ હપતા મોકલવામાં હજી મોડુ થઈ ગયું છે. પરંતુ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હવે આ હપ્તો આ મહિને જાહેર કરી શકે છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો પ્રથમ હપ્તો સામાન્ય રીતે ૨૦ એપ્રિલ સુધીમાં આવે છે પરંતુ આ વખતે થોડો વિલંબ થયો છે. તમને જણાવી દઈએ કે ટૂંક સમયમાં સરકાર તમારા ખાતાઓમાં ૨૦૦૦-૨૦૦૦ રૂપિયા ક્રેડિટ કરવા જઈ રહી છે. આ યોજના અંતર્ગત સરકાર દર વર્ષે ૩ હપ્તામાં ખેડૂતોને ૬,૦૦૦ રૂપિયાની આર્થિક સહાય પૂરી પાડે છે. જેથી હવે તમને ૮મો હપ્તા તરીકે પૈસા ટૂંક સમયમાં મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ૮મો હપ્તો ૧૦ મે સુધીમાં ખેડૂતોના ખાતામાં મોકલવામાં આવી શકે છે. જોકે, કેન્દ્ર સરકાર વતી હાલમાં કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે ૮મો હપ્તા મેના બીજા કે ત્રીજા અઠવાડિયામાં મોકલવામાં આવશે. તમને જણાવી દઈએ કે આ યોજનાની મદદથી દેશભરના ૯.૫ કરોડ ખેડુતોને તેમના ખાતામાં રોકડમાં આર્થિક સહાય આપવામાં આવી રહી છે.

## દૈનિક રાશીફળ

તા.૦૭.૦૫.૨૦૨૧ શુક્રવાર

મેષ (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે,મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો.

વૃષભ (બ,વ,ઉ) : મનોમંથન કરી શકો,મુશ્કેલીમાં થી માર્ગ મળે,મધ્યમ દિવસ.

મિથુન (ક,છ,ઘ) : અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહ થી રસ્તા કાઢવા પડે.

કર્ક (ડ,હ) : ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ,પ્રગતિ થાય.

સિંહ (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો,શુભ દિન.

કન્યા (પ,ઠ,ણ) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,દિવસ એકંદરે સારો રહે.

તુલા (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

વૃશ્ચિક (ન,ય) : મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો.

ધન (ધ,ભ,ફ,ઢ): વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય,સારી વાત આવી શકે છે.

મકર (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ પ્રમોદ માં વીતે.

કુંભ (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

મીન (દ,ચ,ઝ,થ): સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદ જીલ્લામાં ગુરૂવારે ૧૩૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે રેકોર્ડબ્રેક ૧૩૫ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યાં હતાં. આજે એકસાથે ૦૭ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. વધતાં કેસોને પગલે જિલ્લાવાસીઓમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. ત્યારે બીજી તરફ જિલ્લામાં કોરોના ટેસ્ટ કીટો ખુટી જવાના પગલે જિલ્લાવાસીઓને ભારે હાલાકીનો સામનો પણ કરવો પડી રહ્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૧૬૯૧ પૈકી ૯૭ અને રેપીટ ટેસ્ટના ૮૭૫ પૈકી ૩૮ મળી આજે કુલ ૧૩૫ કોરોનાના દર્દીઓ નોંધાયાં છે. આ ૧૨૮ પૈકી દાહોદ અર્બનમાંથી ૨૧, દાહોદ ગ્રામ્યમાંથી ૧૦, ઝાલોદ અર્બનમાંથી ૦૩, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૬, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૭, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૮, લીમખેડામાંથી ૧૧, સીંગવડમાંથી ૦૬, ગરબાડામાંથી ૨૬, ધાનપુરમાંથી ૧૬, ફતેપુરામાંથી ૧૬ અને સંજેલીમાંથી ૦૬ કેસનો સમાવેશ થાય છે. દાહોદ જિલ્લામાં કોરોનાના ફરી કેસો વધી રહ્યાં છે ત્યારે બીજી તરફ જિલ્લામાં કોરોના રેપીટ ટેસ્ટની કીટો ખુટી જવાની લોક બુમો વચ્ચે સરકારી દવાખાના, પીએચસી સેન્ટર, કોરોના બુથો શોભાના કાઠીયા સમાન બની રહ્યાં છે. તંત્ર દ્વારા વહેલામાં વહેલી તકે ટેસ્ટ કીટોની વ્યવસ્થા કરવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે બીજી તરફ આજે વધુ ૦૭ દર્દીઓએ કોરોનાથી જીવ ગુમાવતાં કુલ મૃત્યું આંક ૨૯૭ને પાર થઈ ગયો છે. એક્ટીવ કેસોની વાત કરીએ તો એક્ટીવ કેસોની પણ સંખ્યા વધીને ૮૫૫ ને પાર થઈ ગઈ છે. ત્યારે રાહતના સમાચાર એ છે કે, આજે વધુ ૧૧૪ દર્દીઓએ કોરોથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૫૮૦૭ ને પાર થઈ ગયો છે.

| દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા |
|---|
| : અર્બન વિસ્તારો : |
| દાહોદ-૨૧ |
| ઝાલોદ-૦૩ |
| દે.બારીઆ-૦૭ |
| : ગ્રામ્ય વિસ્તારોમાં : |
| દાહોદ-૧૦ |
| ઝાલોદ-૦૬ |
| દે.બારીયા-૦૮ |
| લીમખેડા-૧૧ |
| સીંગવડ-૦૬ |
| ગરબાડા-૨૬ |
| ધાનપુર-૧૬ |
| ફતેપુરા-૧૬ |
| સંજેલી-૦૬ |

## દાહોદ જિલ્લામાં કોરોના રસીકરણ અભિયાન, ૩ લાખથી વધુ લોકોએ લીધો લાભ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને રોકવા વેક્સિનેશન અભિયાન સારી રીતે ચાલી રહ્યું છે. જિલ્લામાં ત્રણ લાખથી પણ વધુ નાગરિકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. જયારે હેલ્થ કેર કોરોના વોરિર્યસને ૯૮ ટકા સ્ટાફને વેક્સિન આપી દેવામાં આવી છે. ઉપરાંત ફ્રન્ટલાઇન કોરોના વોરિર્યસ એવા ૯૨ ટકાથી વધુ સ્ટાફને કોરોનાની વેક્સિન આપવામાં આવી છે. ૬૦ થી વધુ ઉંમરના વડીલો તેમજ ૪૫ થી વધુ ઉંમરના કોમોરબીડ હોય તેવા ૯૬.૭૨ ટકા લોકોને વેક્સિન આપવામાં આવી છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાની વેક્સિનનો પ્રથમ ડોઝ ૩૦૬૪૮૯ લોકોને આપી દેવામાં આવ્યો છે. જયારે વેક્સિનનો બીજો ડોઝ ૧૭૨૪૫૦ લોકોએ લઇ લીધો છે. હેલ્થ કેર કોરોના વોરિર્યસની વાત કરીએ તો ૧૨૬૮૩ કર્મચારીઓને વેક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે. જયારે ફ્રન્ટલાઇન કોરોના વોરિર્યસ તરીકે જોખમી કામગીરી કરતા ૧૫૬૫૪ કર્મચારીઓને વેક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે. પ્રાયોરીટી એજ ગ્રુપ એટલે કે ૬૦ થી વધુ ઉંમરના વડીલો અને ૪૫ થી વધુ ઉંમરના કોમોરબીડ હોય તેવા ૧૪૪૧૧૩ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૬૭૧૯૪ લોકોને વેક્સિનનો બીજો ડોઝ અપાયો છે.

આ ઉપરાંત ૧ એપ્રીલથી શરૂ કરવામાં આવેલા ૪૫ થી વધુ ઉંમરના તમામ લોકોને વેક્સિન આપવાના અભિયાનમાં અત્યાર સુધીમાં કુલ ૧૩૪૦૨૨ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો હોય તેની વિગતો તાલુકા પ્રમાણે જોઇએ તો દાહોદમાં ૧૨૦૩૦ લોકોને, ગરબાડામાં ૮૨૫૬ લોકોને, ધાનપુરમાં ૨૬૯૭ લોકોને, દેવગઢ બારીઆમાં ૧૧૬૭૭ લોકોને, ફતેપુરા તાલુકામાં ૬૮૧૦ લોકોને, લીમખેડામાં ૩૧૮૬ લોકોને, ઝાલોદમાં ૧૩૭૪૯ લોકોને, સંજેલીમાં ૩૯૩૪ લોકોને અને સીંગવડમાં ૪૮૫૫ લોકોને વેક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે. આ નવે તાલુકાઓમાં ૭૬૯૧૯ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપ્યો છે અને નિયત સમયે બીજો ડોઝ આપવામાં આવશે.

## વિવિધ વિલેજ કોવીડ કેર સેન્ટરની મુલાકાત લઇ દર્દીઓને મળનારી સુવિધાઓનું નિરીક્ષણ કરતા મંત્રી બચુભાઇ ખાબડ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણની સ્થિતિને પહોંચી વળવા જનપ્રતિનિધિઓ પણ સક્રિય કામગીરી કરી રહ્યાં છે ત્યારે જિલ્લામાં વિવિધ જગ્યાએ સામાજિક સહયોગથી શરૂ કરવામાં આવેલા કોવીડ કેર સેન્ટરોની રાજયમંત્રી બચુભાઇ ખાબડે આજે મુલાકાત લીધી હતી. તેમણે આ વિવિધ વિલેજ કોવીડ કેર સેન્ટરમાં રૂબરૂ જઇ ત્યાં ઉભી કરવામાં આવેલી વ્યવસ્થાઓ ચકાસી હતી. આ ઉપરાંત પીપલોદ ખાતે નવી શરૂ કરવામાં આવેલી માં મલ્ટીસ્પેશ્યાલીટી (કોવીડ તથા નોનકોવીડ) હોસ્પીટલનું પણ ઉદ્ઘાટન કરી આરંભ કરાવ્યો હતો.

મંત્રી ખાબડે પીપલોદ, લીમખેડા, કાળીયારાઈ, હીરોલા સહિતના ગામ ખાતેના તૈયાર કરવામાં આવેલા વિલેજ કોવીડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. ત્યાં આઈસોલેટ થનારા કોવીડ દર્દીઓને મળનારી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. કોવીડ કેર સેન્ટરમાં દાખલ થનાર એસિમ્ટોમેટીક અથવા માઇલ્ડ લક્ષણ ધરાવતા કોરોનાના દર્દીઓ માટેની દવા, ભોજન, બેડસ સહિતની સુવિધા બાબતે જાતમાહિતી મેળવી હતી. તેમણે અહીં દાખલ થનારા દર્દીઓને કોઇ તકલીફ ન પડે એ માટે સંબધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

અહીં નોંધવું જરૂરી છે કે, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી રાજયભરમાં શરૂ થયેલા અભિયાન મારૂં ગામ, કોરોનામુક્ત ગામ અંતર્ગત દાહોદ જિલ્લાના સુંદર કામગીરી કરવામાં આવી રહી છે. વિશેષ વાત એ છે કે, આરોગ્ય વિભાગ દ્વારા દવાઓની એક ખાસ કીટ બનાવવામાં આવી છે. જે હોમ આઇસોલેટ થનારા દર્દીઓને ઘેર સુધી પહોંચાડવામાં આવે છે.

દાહોદ જિલ્લામાં ૬૯૯ ગામોમાં ૧૪ હજારથી વધુ બેડની સુવિધા સાથે ૭૪૭ જેટલા વિલેજ કોવીડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે અને કોરોના સંક્રમણને ગ્રામ્ય સ્તરે અટકાવવા માટે ગામની નાકાબંધી સહિતના વિવિધ ઉપાયો કરવામાં આવી રહ્યાં છે.

આ વેળાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ, ખાનગી હોસ્પીટલના સંચાલક નીલ સોની સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ફતેપુરા વિધાનસભામાં સમાવિષ્ટ સંજેલી મતવિસ્તારમાં સંજેલી, માંડલી આરોગ્ય કેન્દ્રમાં બેડ માટે ૧૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી



ફતેપુરા,

કોરોનાનો પ્રકોપ રોકેટગતિએ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. ત્યારે કોરોનાને નાથવા માટે સરકાર તેમજ વહીવટી તંત્ર અથાગ પ્રત્યન કરીને કોરોના સંક્રમણને ખાળવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કોરોના સંક્રમણનો વ્યાપ ઘટી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. જેમાં સામાજિક આગેવાનો, સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ પ્રજાજનો દ્વારા પૂરતી મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ફતેપુરા વિધાનસભા બેઠકમાં સમાવિષ્ટ સંજેલી તાલુકામાં ૧૨૯-ફતેપુરા વિધાનસભાના ધારાસભ્ય રમેશભાઈ કટારા દ્વારા સંજેલી તાલુકાની પ્રજાને વ્હારે આવ્યા છે. પ્રજાના સુખાકારી, હિત, કલ્યાણ માટે સંજેલી CHC કેન્દ્રમાં પાંચ રૂપિયાની ગ્રાન્ટ તેમજ માંડલી આરોગ્ય કેન્દ્રમાં પાંચ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા માટે જિલ્લા આયોજન અધિકારીને પત્ર લખ્યો છે સંજેલી અને માંડલી આરોગ્ય કેન્દ્રમાં નવીન પલંગ અને ગાંદલાઓ ખરીદવા માટે ૫ લાખ રૂપિયાની વર્ષ ૨૦૨૧-૨૨ ધારાસભ્યના ક્વોટા માંથી ફાળવવા માટે ધારાસભ્ય રમેશભાઈ કટારાએ જિલ્લા આયોજન અધિકારીને ભલામણ પત્ર લખી ગ્રાન્ટ મંજુર કરવા રજુઆત કરી, ગ્રાન્ટ બાબતનો ભલામણ પત્ર લખતા સંજેલી તાલુકામાં ભાજપ દ્વારા ધારાસભ્યની પ્રજાના પ્રત્યેની કામગીરીની બિરદાવ્યું હતું. જેમાં તાલુકા પાર્ટી પ્રમુખ હોદ્દેદારો, સંજેલી સુરેન્દ્રસિંહ સોલંકી (જગ્ગુ બાપુ) સોસીયલ મીડિયા ઈન્ચાર્જ મિત ભાવસાર સહિત કાર્યકર્તાઓએ કામગીરીને બિરદાવી ખુશી વ્યક્ત કરી હતી.

## કોરોના સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લેતા કલેક્ટર વિજય ખરાડીએ વિવિધ જાહેરનામાઓની મુદ્દત લંબાવી

દાહોદ,

દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને નિયંત્રણમાં લેવા બહાર પાડવામાં આવેલા જાહેરનામાઓની મૃદ્દત પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લેતા કલેકટર વિજય ખરાડીએ આગામી તા. ૧૨ મે સુધી લંબાવી છે. જે મુજબ દાહોદ નગરમાં આગામી તા. ૧૨ મે સુધી રાત્રીના ૮ વાગેથી સવારના ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુ અમલમાં રહેશે. રાત્રી સંચારબંધી દરમિયાન કેટલાંક નિયંત્રણોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે, જયારે ફક્ત આવશ્યક સેવાઓ ચાલુ રહેશે.

આ ઉપરાંત અન્ય એક જાહેરનામા દ્વારા ઝાલોદ તાલુકાના ઝાલોદ શહેર, લીમડી ગામ, દેવગઢ બારીઆ તાલુકાના દેવગઢ બારીઆ નગર, પીપલોદ ગામ, ફતેપુરા તાલુકાના ફતેપુરા ગામ, સુખસર ગામ, ગરબાડા તાલુકાના ગરબાડા ગામ, જેસાવાડા ગામ, લીમખેડા તાલુકાના લીમખેડા ગામ, પાલ્લી ગામ, સંજેલી તાલુકાના સંજેલી ગામ, સીંગવડ તાલુકાના સીંગવડ ગામ, ધાનપુર તાલુકાના ધાનપુર ગામ ખાતે જે રાત્રી કરફ્યુ (રાત્રીના ૮ વાગ્યે થી સવારના ૬ વાગ્યા સુધી) અમલમાં છે તેની મુદ્દત પણ લંબાવીને આગામી તા. ૧૨ મે સુધી કરવામાં આવી છે.

કલેક્ટર વિજય ખરાડી દ્વારા સમગ્ર દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા માટે લાગુ કરવામાં આવેલા નિયંત્રણોની મુદ્દત પણ એક જાહેરનામા દ્વારા આગામી તા. ૧૨ મે સુધી લંબાવવામાં આવી છે. ઉક્ત જાહેરનામાઓનો ભંગ કરનાર વિરૂદ્ધ વિવિધ જોગવાઈઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## દાહોદના વાંકીયા ગામે લગ્ન પ્રસંગમાં બે લાખની લુંટના આરોપીઓને પોલીસે ઝડપી કોર્ટમાં રજુ કર્યા : જામીન નામંજુર

દાહોદ,

દાહોદ તાલુકાના વાંકીયા ગામે લગભગ આઠેક દિવસ અગાઉ એક વ્યક્તિની પુત્રીના લગ્નમાં ગામમાં જ રહેતા ૪૭ જેટલા હથિયારધારી ઈસમોએ લગ્ન પ્રસંગમાં લૂંટ ચલાવી બે લાખ રૂપિયાના કિંમતના સોના - ચાંદીના દાગીનાની લૂંટ ચલાવી ટોળાએ ધીંગાણું મચાવ્યા બાદ એક્શનમાં આવેલી પોલીસે આ લૂંટમાં સામેલ તમામની અટકાયત કરી ગતરોજ દાહોદ કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા ત્યાં કોર્ટે બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી તમામના જામીન નામંજૂર કરતા કોર્ટ સંકુલમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો હતો.

ગત તારીખ ૨૯મી એપ્રિલના રોજ દાહોદ તાલુકાના વાંકીયા ગામે ચકચારી બનાવ બન્યો હતો જેમાં પટેલ ફળિયામાં રહેતા રમેશભાઈ સકરીયાભાઈ મોહનીયાની પુત્રી સબુડીબેનના લગ્ન પ્રસંગમાં ગામમાં જ રહેતા ખેમચંદભાઈ ભીમાભાઈ સંગાડા, હિંદુભાઈ ગનજીભાઈ સંગાડા, સિલિયાભાઈ ગનજીભાઈ સંગાડા, રમેશભાઈ ભીમાભાઈ સંગાડા તથા તેમની સાથે બીજા ૪૫ જેટલા વ્યક્તિઓના ટોળાએ સબુડીબેનના લગ્ન પ્રસંગમાં લગ્ન પ્રસંગમાં ગેરકાયદેસર મંડળી બનાવી મારક હથિયારો ધારણ કરી તેમજ કિકિયારીઓ કરી ટોળું લગ્ન પ્રસંગમાં ઘસી આવ્યું હતું અને લગ્ન પ્રસંગમાં આવેલ મહેમાનો તેમજ કન્યા સબુડીબેને પહેરી રાખેલ સોના - ચાંદીના દાગીનાની સરેઆમ લૂંટ ચલાવતા પંથકમાં ચકચાર સહિત ભયનો માહોલ પ્રસરી જવા પામ્યો હતો. ઘટનાસ્થળે દોડી ગયેલી પોલીસે સ્થિતિને કાબૂમાં લીધી હતી. ત્યારે ગણતરીના કલાકોમાં ઉપરોક્ત ટોળાના માણસોને પોલીસે ઝડપી પાડી અટકાયતી પગલા લીધા હતા અને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. ત્યારે ગતરોજ ઝડપી પાડવામાં આવેલ ઈસમોને દાહોદ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જયાં બનાવની ગંભીરતાને તેમજ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કોર્ટે તમામના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

## દાહોદ જિલ્લા પંચાયતમાં આકસ્મિક તપાસણીમાં ગેરહાજર ત્રણ કર્મચારીને નોટિસ

દાહોદ,

કોરોનાકાળમાં લોકસેવાનું કામ કરવાને બદલે કામચોરી કરતા કર્મચારીઓ સામે જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજે લાલ આંખ કરી છે. તેમણે કચેરી સમય દરમિયાન ગેરહાજર રહેનારા ત્રણ કર્મચારીઓને કારણ દર્શાવો નોટિસ જારી કરી છે.

જિલ્લા પંચાયતમાં બેસતી સંકલિત બાળ વિકાસ યોજના કાર્યક્રમ શાખામાં જિલ્લા વિકાસ અધિકારીએ આકસ્મિક તપાસણી કરી હતી. એ દરમિયાન, કચેરી સમય દરમિયાન ઓફિસમાંથી અદ્રષ્ય જણાયેલા ત્રણ કર્મચારીઓ અંગે પૂછતાછ કરતા કોઇ સંતોષજનક ખુલાસો કરી શક્યા નહોતા. આ ત્રણેય કર્મચારીઓ પોતાના શાખાધિકારીને જાણ કર્યા વિના ગેરહાજર રહેવા બદલ તમામને કારણ દર્શાવો નોટિસ જારી કરવામાં આવી છે.

કોરોના પેન્ડેમિકમાં કર્મચારીઓ નૈતિકતા અને ફરજનિષ્ઠા સાથે કામ કરે એ અપેક્ષિત છે. આમ છતાં, ફરજમાં બેદરકારી દાખવનારા કર્મચારીઓ સામે હજુ પણ કાર્યવાહી કરવામાં આવશે, તેમ જિલ્લા પંચાયતના અધિકારીઓએ કહ્યું છે.

## ધાનપુરના ગોહેલવાધા ગામે સામાન્ય ઝગડામાં ફોર વ્હીલની તોડફોડ કરી મારામારતાં ફરિયાદ

દાહોદ,

ધાનપુર તાલુકાના ગાહેલવાધા ગામે મહિલા સહિત ચાર જણાએ સામાન્ય બાબતે એકજ વ્યક્તિ સાથે ઝઘડો તકરાર કરી ફોર વ્હીલર ગાડીની તોડફોડ કરી તેમજ માર મારતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે. ગોહેલવાધા ગામે રહેતા પારૂભાઈ વરસીંગભાઈ પલા, જમાબેન પારૂભાઈ પલાસ, મનિષાબેન નરીયાભાઈ પલાસ અને વિજયભાઈ ભારતાભાઈ પલાસે ગત તા.૦૫મી મે ના રોજપોતાના જ ગામમાં રહેતા દિતીયાભાઈ રૂપાભાઈ પલાસને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું કાલે કેમ બુકતો હતો, તું મારી પાસે પંચાયતનો હિશાબ કેમ માંગે છે, તેમ કહી દિતીયાભાઈની ઈક્કો ફોર વ્હીલર ગાડીને બોનેટ ઉપર લાકડી મારી તોડફોડ કરી હતી અને દિતીયાભાઈને માથાના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડતાં આ સંબંધે દિતીયાભાઈ રૂપાભાઈ પલાસે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કયા આપ જાનતે હૈ ? ફરિશ્તો કે બારે મેં શહીદ અકીદા

ફરિશ્તે અજ સામે નૂરી (નુરવાલે) હૈ અલ્લાહ તાલા ઉનકો ચેક તાકાત દી હૈ કે જો શકલ ચાહે બન જાએ કભી વોહ ઈન્સાન કી શકલ મેં ઝાહિત હોતે હૈ ઔર કભી દુરકી, વોહી વોહી કરતે હૈ જો હુકમે ઈલાહી હૈ ખુદા કે હુકમ કે ખિલાફ કુછ ભી નહી કરતે ન કસન, ન સહવન ન ખત્સન વો અલ્લાહ અઝઝ વ જલ્લકે મઅસૂમ બંદે હૈ હર કિસ્મકે સગાઈઅ વકબાઈર (છોટે બળે ગુના હૈ) સે પાક હૈ , ઉનકો મુખ્તલિફ ખિદમતે સુપૂર્દ હૈ, બઅઝ કે તિમ્મે અંબિયા એ કિરામ કે ખિદમત મે વહી લાના.

કિસીકો મુતસલિક પાની બરસાના, કિસીકે મુતસલિક હવા ચલાના, કિસીકે મુતઅલિક રોઝી પહુચાના, કિસે કે ઝિમ્મા મા કે પેટમેં બચ્ચે કી સુરત બનાના કિસીકે મુતઅલિક બદને ઈન્સાન કે અંદર (ઈન્સાની જીસ્મ મેં) તસર્રુફ કરના કિસી કે મુત્સલીક ઈન્સાન કી દુશ્મનો સે હિફાઝત કરના, કિસીકે મુતઅલિક ઝાકિરીન કા મજના તલાશ કરકે ઉસ્મે હાઝીર હોના, કિસીકે મુઅતલિક ઈન્સાન કે નામ-એ-અસમાલ લિખના, બહુતોકા દરબારે રિસાલતમે હાઝિર હોના કિસીકે મુતઅલિક સરકાર કી બારગાહ મેં મુસલમાનો કે સલાતો સલામ પહુચાના, બસઝોકે મુતઅલિક મુર્દોસે સવાલ કરના કિસીકે ઝિમ્મો કબ્ઝરૂહ કરના (જાન નિકાલના) બસકો કે ઝિમ્મા અઝાબ કરના કિસીને મુતઅલિક સુરુકરના ઔર ઈનકે અલાવા બચાસે કામ હે જો મલાઈક (ફરિશ્તે) અંજામ દેતે હૈ ફરિશ્તે ન મર્દ હે ન ઔરત ઉનકો કદીમ માનના યા ખાલિક જાનના કૂંફ હે ઉનકી તઆદત વોહી જાને જીસને ઉનકો પૈદા કીયા ઔર ઉસકે બતાને સે ઉસકા રસુલ ચાર ફરિશ્તે બહુત મશહુર હૈ જિબ્રઈલ વ મીઠાઈલ વ ઈઝરાઈલ વ ઈસ્રાફીલ ઔર યેહ (ચારો) સમ મલાઈ કા પર ફઝીલ રખતે હૈ.

કિસી ફરિશ્તે કે સાથ અપના ગુસ્તાખી કુફ્ર હૈ જાહિલ લોગ અપને કિસી દુશ્મન યા ના પસંદીદા ઈન્સાન કો દેખકર કહતે હૈ કી મલિકુમ મૌત યા ઈઝરાઈલ આ ગયા યેહ કરીબ-બ-કલિમ હૈ કુફ્ર હૈ.

ફરિશ્તો કે વૂજૂદ કા ઈન્કાર યા યે કરના કે ફરિશ્તા ને કીકી કુરવત કો કહેતે હૈ ઔર ઈસકે સિવા કુછ નહી યે દોનો બાતે કુફ્ર હ (બહારે શરીઅત, જિલ્દ-૧)

**હદીશ શરીફ**

હઝરત હઝૈફા (રદિયલ્લા હુ અન્હુ) સે રિવાયત હૈ હુઝૂર (સલ્લાલાહુ અલૈહિ વસલ્લમ) ને ફરમાયા જીસ ખાને પર બિસ્મિલ્લાહ ન પઢહી જાએ, શૈતાન કે લીયે વોહ ખાના હલાલ હો જાતા હૈ પઅની શૈતાન ઉસ ખાને મેં શરીફ હો જાતા હૈ (મુસ્લીમ શરીફ)

( બહવાલા શૈખુબ ઈસ્લામ મદની કેલેન્ડર માંથી)

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૭/૫/૨૦૨૧ ચાંદ-૨૪ માહે રમઝાન ખત્મે શહેરી ૪:૩૩ સવારે. વકતે ઈફતાર ૭:૦૯ સાંજનો સુર્યાસ્ત. આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

## સીંગવડના હાંડી PHCમાં ફરજ બજાવતી યુવતિને ફોર વ્હીલમાં અપહરણ કરી જતાં ફરિયાદ

દાહોદ,

સીંગવડ તાલુકાના હાંડી ગામે પી.એચ.સી.માં ફરજ બજાવતી એક યુવતીને એક યુવકે ફોર વ્હીલર ગાડી લઈ આવી પીએચસીની ફોર વ્હીલર ગાડીમાં બેઠેલ યુવતીને યુવકે બળજબરી પુર્વક ખેંચતાણ કરી પોતાની ગાડીમાં બેસાડી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં રહેતી એક યુવતી સીંગવડ તાલુકાના હાંડી ગામે આવેલ પીએચસી સેન્ટરમાં ફરજ બજાવતી હતી. ગત તા.૦૫ મે ના રોજ પીએચસીની બોલેરો ગાડીમાં સવાર થઈ હાંડી પીએચસી થી સીંગવડ તરફ આવતાં હતાં. આ દરમ્યાન રસ્તામાં માતાના પાલ્લા ગામે ગાડીના ડ્રાઈવર દ્વારા ગાડીની આગળ ધનવન્તરી બોર્ડ બાંધવા ઉભા રહ્યાં હતાં. આ દરમ્યાન કમલસેભાઈ રમેશભાઈ પરમાર (રહે.બાંડીબાર, લીમખેડા) નો ત્યાં પોતાના કબજાની ઈક્કો ફોર વ્હીલર ગાડી લઈ આવ્યો હતો અને પીએચસીની ગાડીમાં બેઠેલ યુવતી સાથે બળજબરી કરી તેમજ ખેંચતાણ કરી પોતાની ગાડીમાં બેસાડી લઈ લીમડી તરફના માર્ગ તરફ અપહરણ કરી લઈ જતો રહ્યો હતો.

આ સંબંધે યુવતીના પિતા દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 216

**પંચમહાલ આવૃત્તિ**
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

**પંચમહાલ સમાચાર**

# પંચમહાલમાં કોરોનાનો હાહાકાર : ગુરૂવારે ૨૭૬ કોરોના પોઝીટીવ કેસ

- શહેરી વિસ્તારમાં ૧૧૮ અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૮ પોઝીટીવ દર્દી.
- જીલ્લામાં હાલોલ નગર-૯૪ અને ઘોઘંબા ગ્રામ્યમાં ૬૮ દર્દીઓ સંક્રમિત.
- જીલ્લામાં આજરોજ ૮૯ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થયા.




ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોનાની બીજી લહેરમાં ધાક સંક્રમણે અજગરી ભરડો લીધો છે. જીલ્લામાં આજરોજ ૨૭૬ કોરોના સંક્રમણના કેસ નવા નોંધાવા પામ્યા છે. પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણના જે રીતે રોકેટ ગતિથી વધી રહ્યા છે. તેને લઈ આરોગ્ય તંત્ર સતર્ક બન્યું છે. હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં કોરોના કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તે સંક્રમણની ચેઈન ગ્રામ્ય વિસ્તારોમાં નહિ તૂટે તો આવનાર દિવસોમાં પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોની સ્થિતી ખરાબ થઈ શકે છે. જીલ્લમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. શહેરી વિસ્તારમાં ૧૧૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. હાલમાં આજથી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યાની દ્રષ્ટીએ હાલોલ અને ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ કોરોના સંક્રમણના કેસ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોના સંક્રમણનું જોર વધતા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતીત બન્યું છે. હાલોલ નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન ચુસ્ત રીતે કરવામાં આવે તે જરૂરી છે.

પંચમહાલ જીલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરતાં ડેઈલી રીપોર્ટ મુજબ ગતરોજ હાલોલ નગર અને ગ્રામ્ય વિસ્તાર સિવાય અન્ય શહેર અને કસ્બાઓમાં કોરોના સંક્રમણના કેસ નોંધાવા પામ્યા ન હતા. જેને લઈ ગોધરા શહેર સહિત અન્ય સ્થળો એ કોરોના સંક્રમણ ઘટી રહ્યું હોવાનું લાગી રહ્યું હતું. પરંતુ કોરોનાની બીજી લહેરમાં પંચમહાલ જીલ્લાના ગોધરા, શહેરા, કાલોલ, મોરવા(હ), ઘોઘંબા, વેજલપુર જેવા વિસ્તારોમાં કોરોના સંક્રમણના ભય અને લોકોની જાગૃતિ વહીવટી તંત્ર અને સ્થાનિક તંત્રની કાળજી થી વેપારીઓ સાથે મીટીંગ યોજીને આંશીક લોકડાઉન લાગુ કરવામાં આવ્યું સાથે રાજય સરકારના આદેશ મુજબ દિવસ દરમ્યાન આવશ્યક ચીજ વસ્તુઓ સિવાયના ધંધા રોજગાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો. પરિણામે કોરોના સંક્રમણના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે બીજી તરફ પંચમહાલ જીલ્લાના ઔદ્યોગિક હબ ગણાતા હાલોલ નગરમાં કોરોનાની બીજી લહેરને ગંભીરતા થી લેવામાં આવી ન હોય તેમ લાગી રહ્યું, છે. હાલોલમા શાકભાજી માર્કેટ, બસ સ્ટેશન વિસ્તાર, ખાનગી વાહનમાં સોશ્યલ ડિસ્ટન્સનો અભાવ તેમજ માસ્ક ઉપયોગનું પાલન નહિ કરવાનો લઈ હાલોલ નગર અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણનો રાફડો ફાટીયો છે. હાલોલ નગરમાં ૯૪ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ મળી ૧૩૪ કોરોના સંક્રમણના માત્ર નોંધાવા પામ્યા છે.

પંચમહાલ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાની પ્રથમ લહેરમાં સંક્રમણ થી બચી ગયા હતા. કારણ કે, શરૂઆતના દિવસોમાં કોરોનાા મહામારીના ડરથી લોકો ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા હતા અને લોકડાઉન હોવાથી કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા સંક્રમણ ગ્રામ્ય વિસ્તારોમાં ફેલાયું ન હતું. કોરોનાની બીજી લહેરની ઘાતક અસર અને ઝડપી રીતે સંક્રમણ ફેલાઈ રહ્યું છે. તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં લગ્ન પ્રસંગોમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કર્યા વગર મોટી સંખ્યામાં લોકો એકઠા થતાં હોય જેને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સંક્રમણ ભરડો લઈ રહ્યું છે. જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ કોરોના સંક્રમણના કેસ ઘોઘંબામાં ૬૮ અને હાલોલમાં ૪૦ સંક્રમણના કેસ નોંધાવા પામ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૫૮ કોરોના સંક્રમણના કેસ આજરોજ નોંધાવા પામ્યા છે. ગ્રામિણ વિસ્તારમાં કોરોના સંક્રમણના કેસ ઝડપ થી વધી રહ્યા છે. જેને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતા સાથે સર્તક બન્યું છે. લોકોને માસ્ક પહેરવા સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે તેમજ કામ સિવાય લોકો ટોળામાં ભેગા ન થવા માટે અપીલ કરવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં ફેલાતા કોરોના સંક્રમણને લઈ આરોગ્ય વિભાગ ઉભી થનાર આરોગ્ય સુવિધાઓને પહોંચી વળવા માટે તૈયારીઓ શરૂ કરી છે. પંચમહાલ જીલ્લામાં કોરોના યથાર્વત છે. લોકો સંક્રમણ થી બચે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે જરૂરી છે.

### પંચમહાલ જીલ્લામાં આજની કોરોના સ્થિતી

| | |
|---|---|
| **: શહેરી વિસ્તાર :** | |
| ગોધરા | ૧૮ |
| હાલોલ | ૯૪ |
| કાલોલ | ૦૬ |
| **: ગ્રામ્ય વિસ્તાર :** | |
| ગોધરા | ૦૮ |
| હાલોલ | ૪૦ |
| કાલોલ | ૧૫ |
| શહેરા | ૦૯ |
| ઘોઘંબા | ૬૮ |
| જાંબુઘોડા | ૧૬ |
| મોરવા(હ) | ૦૨ |
| **સક્રિય કેસ** | **૯૯૪** |
| **રજા અપાઈ** | **૮૯** |
| **મૃત્યુઆંક** | **૦૦** |

## ઘોઘંબા તાલુકાની રેફરલ હોસ્પિટલમાં સ્ટાફ અને સુવિધાઓ વધારવા માંગ

ઘોઘંબામાં આજે કોરોના કેસો અર્ધી સદીની પાર નીકળી ગયા છે. અત્યાર સુધીમાં તાલુકામાં નોંધાયેલા તમામ રેકોર્ડને વટાવી દેતા આજે કુલ ૬૮ કેસ નોંધાતાં વહીવટીતંત્ર એ જલ્દી થી એક્સન પ્લાન બનાવી કેસને કંટ્રોલમાં લાવવાની જરૂર હોય એવું લાગી રહ્યું છે. આજે નોંધાયેલા કેસો ઉપર નજર કરતા એક વાત સ્પષ્ટ થાય છે કે, તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસો ભયંકર રીતે વધી રહ્યા છે અને એવું લાગી રહ્યું છે કે જો તંત્ર દ્વારા યુદ્ધ ના ધોરણે કોઈ પગલાં લેવામાં નહીં આવે તો આવનારા સમયમાં પરિસ્થિતી વણસી શકે છે. બીજી બાજુ જોઈએ તો ઘોઘંબા તાલુકામાં રેફરલ હોસ્પીટલ માં ઈમરજન્સી ની કોઈ સુવિધા પણ નથી, સ્ટાફ ની પણ અછત છે. જોકે રેફરલ હોસ્પીટલના મેડીકલ ઓફિસર ડો. પારસભાઈ પટેલ ૨૪ કલાક પોતાની ફરજ બજાવતા નજરે પડે છે પરંતુ સ્ટાફ અને સાધનોની અછત ના કારણે અનિવાર્ય સંજોગોમાં તાલુકા મથકે સર્જન તબીબ અને વેન્ટીલેટર તથા ઓક્સિજન બેડની વ્યવસ્થા ધરાવતી કોઈ પ્રાઈવેટ હોસ્પીટલ પણ નથી. ત્યારે દર્દીઓ ને કાં તો હાલોલ અથવા તો તાજપુરા કોવિડ હોસ્પિટલમાં રીફર કરવા પડે છે. જીલ્લાના અધિકારીઓ દ્વારા વહેલામાં વહેલી તકે ઘોઘંબા રેફરલ માટે પૂરતા પ્રમાણમાં સ્ટાફની નિમણુંક કરવામાં આવે તેવી માંગ ગામનાં સ્થાનીક અને જાગૃત નાગરિકો કરી રહ્યા છે.

## ગોધરા રેલવે સ્ટેશનમાં ૪ ફલોરિંગ સફાઈનું મશીન બંધ છતાં રેલવે વિભાગ ખાનગી કોન્ટ્રાકટરને સફાઈના નામે ચૂકવે છે લાખો રૂપિયા



ગોધરા,
પંચમહાલ જિલ્લાના પાર્ટનગર ગોધરા રેલવે સ્ટેશન ખાતે સ્વછતા જળવાઈ રહે તે માટે રેલવે વિભાગ દ્વારા સફાઈ કામગીરી માટે નિયમ અનુસાર ટેન્ડરીગ પ્રક્રિયા કારવામાં આવી જે બાદ ખાનગી એજન્સી ને રેલવે પ્લેટફોર્મની સફાઈ માટે નિમવામાં આવ્યા છે. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક બે અને ત્રણ ઉપરના પ્લેટફોર્મની યોગ્ય સફાઈની સાથે પ્લેટફોર્મના ફર્સની પણ સ્વછતા જળવાઈ રહે તે માટે ખાનગી એજન્સી દ્વારા પોતું લગાવવા માટેના ચાર જેટલાં મશીન મુકવામાં આવ્યા છે પરંતુ આ મશીન છેલ્લા એક મહિનાથી શોભા ના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે. એજન્સી દ્વારા મુકવામાં આવેલ મશીન બગડેલી હાલતમાં હોય તેનો ઉપયોગ પોતું મારવા માટે કરી શકાય તેમ નથી. જેના કારણે હાલ સ્ટેશનના પ્લેટફોર્મની સફાઈ માટે કોન્ટ્રાકટર દ્વારા લાખો લીટર પાણીનો ઉપયોગ કારવામાં આવે છે. સ્ટેશન ઉપર મુકવામા આવેલ મુસાફરો માટે પીવા માટેના પાણીની સુવિધા માટે મુકવામાં આવેલ નળના પાણીનો ઉપયોગ કરી કોન્ટ્રાકટ દ્વારા હાલ પ્લેટફોર્મની સફાઈ કારવામાં આવી રહીં છે. જેના કારણે રેલવે વિભાગના લાખો લીટર પાણી નો બગાડ થાય છે. સાથે રેલવે સ્ટેશન ના પ્લેટફોર્મ ઉપર ઉપર ગંદકી થતી જોવા મળી રહી છે.

એક તરફ ખાનગી એજન્સી રેલવે વિભાગને સફાઈના નામે ચૂનો ચોપડી રહીં છે. તો બીજી તરફ જવાબદાર રેલવેના અધિકારીઓ મોંન સેવી ને બેઠા હોય તેમ લાગી રહ્યું છે. રેલવે વિભાગ સફાઈના નામે ખાનગી એજન્સી ને લાખો રૂપિયા ચૂકવે છે પરંતુ એજન્સીની કામગીરી રેલવે અધિકારીઓના રહેમ રાહે રામભરોસે ચાલી રહી હોવાનું માલુમ પડે છે. એજન્સી દ્વારા સફાઈ માટે ના ન તો પૂરતા સાધનો છે કે પૂરતા સફાઈ કામદારો નવાઈ પામવા જેવી બાબત તો એ છે સતત ૨૪ કલાક ટ્રેનો થી ધમધમતા સ્ટેશન ઉપર સફાઈ કામદારો ની રાત્રી સીફ્ટ બંધ કરી દેવામા આવી છે. ત્યારે સફાઈના નામે રેલવે વિભાગ પાસે થી લાખો રૂપિયા વસુલ કરનાર કોન્ટ્રાકટર ની મનમાની સામે કાર્યવાહી થાય તે ખુબ જરૂરી છે.

## શહેરા પાલિકાના સફાઈ કામદારો એ સફાઈ બંધ કરતાં ગંદકીનું સામ્રાજય


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
પંચમહાલના શહેરા નગર પાલિકાના સફાઈ કામદારોએ નગર વિસ્તારમાં સફાઈ સેવા બંધ કરતા ગંદકીનું સામ્રાજય જામવા સાથે નગરજનોના આરોગ્ય સામે ખતરો ઉભો થયો છે. પાલિકા દ્વારા એક મહિનામાં જે સફાઈ કામદારોની સફાઈ કામગીરી નબળી હશે તેને છુટા કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવતા સફાઈ કામદારો એ વિરોધ ઉઠાવ્યો છે.

શહેરા નગર પાલિકા દ્વારા જે સફાઈ કામદારોની સફાઈ સેવા બરાબર નહી હોય તેવા સફાઈ કામદારો ને છુટા કરવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવતા સફાઈ કામદારો એ વિરોધ ઉઠાવ્યો હતો. કોરોના કહેરમાં નગર ને સ્વચ્છ રાખતા ૪૯ જેટલા સફાઈ કામદારોએ પાલિકા એ લીધેલ નિર્ણયને લઈને નારાજગી દેખાડી હતી.પાલિકાએ લીધેલા નિર્ણય પરત નહી ખેંચે તેમજ સફાઈ કામદારને છૂટા નહીં કરે તેવું લેખિતમાં લખી નહીં આપે ત્યાં સુધી નગર વિસ્તારમાં સફાઈ સેવા બંધ કરવાનું નક્કી કરેલ હતું. સફાઈ કામદારોએ સફાઈ સેવા નગર વિસ્તારમાં બંધ કરતા કોરોના ના કહેર મા ગંદકીનું સામ્રાજય જામ્યું હતું. નગરના મેઈન બજાર, સિંધી ચોકડી, બસ સ્ટેશન સહિત મુખ્ય બજારોમાં ઠેર ઠેર ગંદકીના ઢગલા જોવા મળતા નગરજનોના આરોગ્ય સામે ખતરો ઊભો થાય તેવી શક્યતા રહેલી છે. પાલિકાના સત્તાધીશો એ કોરોનાના કહેરમાં નગર સ્વચ્છ રહે તે માટે વિચારવું જોઈએ પરંતુ સત્તાધીશો પોતાની મનમાની ચલાવી રહયા હોવાનું નગર જનો મા ચર્ચાઈ રહયુ છે. પાલિકાના સત્તાધીશો નગર સ્વચ્છ રહે તે માટે તેઓ સ્વચ્છતા અભિયાન પોતે હાથ ધરે તેવી પરિસ્થિતિનું નિર્માણ થવા જઈ રહયુ છે.

## શહેરા સિંધી સમાજની વાડી ખાતે ઓકસીજન સાથે ૨૦ બેડનું કોવિડ સેન્ટર ઉભું કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકામાં કોવિડ દર્દીઓને સારી સુવિધા મળી રહે તે હેતૂથી નગરમા વધૂ એક કોવિડકેર સેન્ટર શરૂ કરવામા આવ્યું હતુ. સિંધી સમાજની વાડી ખાતે ઓકસીજન સાથે ૨૦ બેડ સહિતની સુવિધા હોવાથી દર્દીઓ માટે આ કોવિડ કેર સેન્ટર આશીર્વાદ સમાન બનશે. શહેરામાં કોરોના કેસો આવી રહ્યા છે.ત્યારે કોવિડના દર્દીઓને સારી સૂવિધા મળે તે જરૂરી છે.હાલમા શહેરા રેફરલ હોસ્પિટલ ખાતે કોવિડ કેર સેન્ટર શરૂ હોવાથી કોવીડ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.ત્યારે સિંધી સમાજની વાડીમાં વધૂ એક કોવિડકેર સેન્ટર ૨૦ બેડ સાથે ખોલવામાં આવ્યું છે. જીલ્લા તંત્ર અને સિંધી સમાજ તેમજ અર્બન મેડીકલ એસોસીયેશન દ્વારા શરૂ કરવામા આવ્યુ છે. કોવિડ કેર સેન્ટરને રૂપચંદ સેવકાણી, ડો.અજય ભાવસારએ ચંદુભાઈ પદવાણી સહિત નગરના અગ્રણીઓની ઉપસ્થિતિમાં રીબીન કાપીને ખૂલ્લું મૂકવામાં આવતા અનેક દર્દીઓ માટે આ આશીર્વાદ સમાન બની જશે તેમ લાગી રહયુ છે.અહી જરૂરિયાત મંદ દર્દીઓને ઓકસીજનની સુવિધા પણ પુરી પાડવાની સગવડ હોવાનૂં જાણવા મળ્યુ છે. નોધનીય છેકે, નગરમાં બીજુ કોવીડ સેન્ટર ઉભુ કરવામાં આવ્યું છે. આ પહેલા શહેરા રેફરલ હોસ્પિટલ ખાતે કોવિડ સેન્ટર ઉભું કરવામાં આવ્યું હતું. આ સિવાય નાંદરવા અને બોરિયામાં પણ કોવિડ સેન્ટરો શરૂ છે.

## કોરોનાએ પરિવારના પાંચ લોકોનો ભોગ લીધો છતાં એમ્બ્યુલન્સ પાયલોટે દર્દીઓને પહોંચડવાનું કામ ચાલુ રાખ્યું


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
ગુજરાતમાં કોરોનાના કેસ થોડા દિવસથી ઘટી રહ્યા છે. કોરોના કાળમાં ઘણા લોકોએ તેમના સ્વજનો ગુમાવ્યા છે. પરંતુ આ દરમિયાન પાંચ દિવસમાં પરિવારના પાંચ સભ્યો કોરોનાનો કોળિયો બન્યા હોવા છતાં ૧૦૮ ટીમ પાયલોટ અરવિંદભાઈ બારીયાએ ફરજ ઉપર હાજર થઈને માનવતાનું એક ઉમદા ઉદાહરણ પરૂ પાડ્યું છે.

ગોધરામાં ૧૦૮માં પાયલોટ તરીકે ફરજ બજાવતાં પ્રવીણભાઈ બારીયા મૂળ મોરવા હડફ તાલુકાના ખાનપુર ગામના વતની છે. પ્રવીણભાઈ છેલ્લા ૧૨ વર્ષથી ૧૦૮ ઈમર્જન્સી સેવામાં પાયલોટ તરીકે ફરજ બજાવે છે. ત્યારે હાલ પાછલા ત્રણ વર્ષથી તેઓ ગોધરામાં પોતાની ફરજ બજાવી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારી વચ્ચે પ્રવીણભાઈ એક પણ રજા લીધા વિના એક ધારી સેવા આપી રહ્યા છે.

થોડા દિવસો પહેલા પ્રવીણભાઈના માતા અને પિતા કોરોનાની ચપેટમાં આવ્યા હતા. પ્રવીણભાઈએ હિંમત ન હારી અને પોતાના માતા પિતાને ઈલાજ માટે હોસ્પિટલ દાખલ કર્યા અને માતા પિતાના ઈલાજ વચ્ચે પણ પોતાની ફરજ સેવા કાર્ય યથાવત રાખી. પિતાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હતી દરમિયાન ૨૧ એપ્રિલના રોજ અવસાન પામ્યાં હતા. પ્રવીણભાઈને આ દુઃખની ઘડીની કળ વળી નહોતી ત્યાં ૨૫ એપ્રિલના રોજ કોરોનાનો ઈલાજ કરાવી રહેલ માતા કમળાબેન તેમજ સગા કાકા-કાકી અને કાકાનો પુત્ર એમ ચાર લોકો અવસાન પામ્યાં. એક જ દિવસમાં માતા સહિત પરિવારના ચાર સભ્યોના અવસાનને લઈ પ્રવીણભાઈ પર આભ તૂટી પડ્યું હતું. પોતાના પિતાની ચિતા ઠંડી નહોતી થઈ ત્યાંજ કોરોનામા મૃત્યુ પાલ માતા અને સગા કાકા-કાકી તેમજ કાકાના દીકરાને ચિતા આપવાનો વારો આવ્યો હતો.

આટલા ટૂંકા ગાળામાં પોતાના પરિવારજનો ગુમાવનારના માથે આભ તૂટી પડ્યું હતું, પરંતુ મજબૂત મનોબળ ધરાવતા આ ૧૦૮ ઈમર્જન્સી સેવાના પાયલોટ પ્રવીણભાઈએ માનવસેવા ધર્મ સર્વોપરી ગણાવી પોતાના પરિવારના સભ્યોની અત્યેષ્ઠ ક્રિયા પતાવી ફરી ફરજ પર હાજર થઈ ગયા હતા. કોરોના મહામારીએ તેમના માતા-પિતા તેમજ પરિવારના અન્ય ત્રણ સભ્યોના જીવ લીધા ત્યારે અન્ય કોઈ કોરોના દર્દી ઈમર્જન્સી સેવાના અભાવે પોતાનો જીવ ન ગુમાવે અને સમયસર તેઓને સારવાર મળી રહે તે માટે કઠિન ઘડી અને કપરી પરિસ્થતિઓ વચ્ચે પ્રવીણભાઈ ફરી પોતાની ફરજ ઉપર હાજર થયા અને માવતાનું એક ઉમદા ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

## કાલોલ સેવાગ્રાહી વિકાસ સમિતિએ ઓક્ટ્રાઈ ગ્રાન્ટનો ઉપયોગ કરી પાલિકાને એમ્બ્યુલન્સ ફળવાતાં નગરજનોમાં આનંદ


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ નગરમાં ઘણા લાંબા સમયથી વસ્તીના પ્રમાણમાં સવલતોમાં એક એમ્બ્યુલન્સની અછત સર્જાઈ રહી હતી. પરંતુ એક વર્ષે થી કોરોના મહામારીના કપરા સમયમાં પણ નગરજનોને એમ્બ્યુલન્સની અછતના કારણે ૧૦૮ તેમજ પ્રાઈવેટ વિહિકલના સહારે હાલાકી ઓ વેઠવી પડતી હતી. પંરતુ કાલોલ નગર વિસ્તારમાં આવેલ ઉદ્યોગોના વિકાસ નાં આશીર્વાદના પગલે એમ્બ્યુલન્સની ફાળવણી નિશ્ચિત હતી. ઉલ્લેખનીય એ છેકે કાલોલ નગરવિસ્તારમાં આવેલ ઉદ્યોગોમાંથી ઓક્ટ્રાઈ ગ્રાન્ટનાં અંદાજીત ૩૩ ટકા પાલિકાના ફાળે દર વર્ષે મળતાં હોય છે. જે શહેરી વિકાસ માટે જિલ્લા કલેક્ટર દ્વારા નગરપાલિકાને ફાળવવામાં આવે છે.જે સંદર્ભએ વહીવટી તંત્રની મંજૂરીમાં બે વર્ષેનો સમય વહી ગયો હતો.અંતે વર્તમાન પરીસ્થીતીને આધિન મંજૂરી મળતાં કાલોલ સેવાગ્રાહી વિકાસ સમિતિએ ઓક્ટ્રાઈ ગ્રાન્ટના નાણાં પેટે પાલિકાને એમ્બ્યુલ ફાળવણી કરી છે. જે ગ્રાન્ટોના નાણાં દર વર્ષે નગરનાં વિકાસમાં ફાળવવાના હોય છે. જેમાંથી જી.આઈ.ડી.સી મારફતે એમ્બ્યુલન્સની ફાળવણી થતાં તેનો જસ નવા યુવા મહિલા પ્રમુખ શેફાલી ઉપાધ્યાયને શીરે ગયો હતો. જોકે એમ્બ્યુલન્સની ફાળવણી પહેલાજ નગરનાં પાલિકા સદસ્યોએ ફોટા પડાવી સારી કામગીરી નો દેખાવ ફેસબુકનાં માધ્યમ દ્વારા પ્રચાર ક્યોં હતો.પરંતુ લાંબા સમયથી એમ્બ્યુલન્સની કાગડોળે જોવાથી રાહની એમ્બ્યુલન્સ ફાળવાતાં ખુશખુશાલ થઈ ગયેલા નગરજનોએ સેવાગ્રાહી વિકાસ સમિતિનો આભાર વ્યક્ત કર્યો હતો. કાલોલ નગરમાં ફાળવાયેલી એમ્બ્યુલન્સ નગરમાં ખુલ્લી મુકતાં પહેલાં કાલોલ વિધાન સભા બેઠકનાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ તેમજ પાલિકા પ્રમુખ શૈફાલીબેન ઉપાધ્યાય આમ બંને મહિલા આગેવાનના હસ્તે એમ્બ્યુલન્સની બુધવારના રોજ પૂજાવિધિ પુર્ણ કરી નગરજનોની સેવા માટે દોડતી કરવામાં આવી હતી. જેનો કાલોલ નગરજનોમાં એક અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## ગોધરાના ઉદ્યોગપતિએ નર્સિંગ હોમ કોવિડ સેન્ટરમાં ટેબલફેનની ભેટ કરી


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
ગોધરા ખાતે આવેલ નર્સિંગ હોમ કોવીડ સેંટર ખાતે જાણીતા ઉદ્યોગ પતિ ફિરદૌસ હાજી કોઠી એ ૫૦ ટેબલ પંખા અર્પણ કરતા કોરોના દર્દીઓ તેમજ કોરોના વોરીએસ નર્સિંગ સ્ટાફને કાર ઝર ગરમી માં રાહત મળશે.

હાલની કોવીડ મહામારીમાકોવીડ સેંટરો ઉપર અનેક અગ્રણીઓ, સમાજસેવીઓ, નેતાઓ અધિકારીઓ મુલાકાત લેતા હોય છેઅને સાંત્વના આપી ફોટો ફૂંકશન કરી સંતોષ અનુભવતા હોય છે, પાયાની જરૂરિયાત શુ છે, તે તરફ દષ્ટિ જતી નથી, જયારે ગોધરાના ઉદ્યોગપતિ ફિરદૌસ કોઠીનું દાન અનોખું હોય છે તેવો પાયા ની જરૂરિયાત અને હાલ ની તાતી જરૂરિયાત પર પૂરૂં ધ્યાન આપી જરૂરત પ્રમાણે દાન કરી અનોખા દાણવીર તરીકે પ્રખ્યાત છે, પ્રાપ્ત વિગતો અનુસાર નર્સિંગ કોવીડ સેંટર ઉપર તાજેતરમાં મુલાકાત લીધી અને પ્રત્યક્ષ અનુભવ કાર ઝર ગરમીનો થતા તાત્કાલિક યુદ્ધના ધોરોને સેંટરમાં દરેક ખૂણે ટેબલ પંખા મુકવાનું મનમાં નક્કી કરી કારીગર બોલાવી પંખા ખરીદ કરેલ છે.

ઘણા એવા દાતા ઓ છે જે વસ્તુ કે દાન ની પહેલા જાહેરાત ફોટો ફકશન અર્પણ સમયે પણ કરે, અને નાની વસ્તુના દાન માં પણ જાહેરાતો વધારે કરે જે ગુજરાતી કેહવત પ્રમાણે ખાલી ચણા ગાજે ઘણો જેવું વર્તન થાય પરંતુ ગોધરાના આ દાનવીરની અનોખી દાન ખરે ખર બિરદાવવા સમાન છે, એવું લોક ચર્ચામાં છે.